dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 220 | AD - 2026, Jeth Sud -01 | Sunday, Dt. 17-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રી મોદીએ નેધરલેન્ડના હેગ શહેરમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું

# વૈશ્વિક સ્થિતિ નહી સુધરે તો દાયકાઓ સુધી ભારે પડશે : મોદી

હેગ,તા.૧૬

નેધરલેન્ડ્સના જગવિખ્યાત હેગ શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયના લોકોને એક ભવ્ય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંબોધિત કર્યા હતા. હેગ શહેર આખી દુનિયામાં પોતાની શાંતિપ્રિયતા માટે 'સિટી ઓફ પીસ' તરીકે ઓળખાય છે. હાલમાં જ પાંચ દેશોના મહત્વપૂર્ણ પ્રવાસે ગયેલા વડાપ્રધાન મોદીએ આ વિશેષ કાર્યક્રમમાં અત્યંત ભાવુક અને ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, અહીં વસતા પ્રવાસી ભારતીયોનો અદ્‌ભુત પ્રેમ અને સ્નેહ જોઈને હું થોડીવાર માટે એ વાત જ ભૂલી ગયો કે હું વિદેશની ધરતી પર છું. તેમણે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ગર્વભેર કહ્યું કે, સમય ભલે ગમે તેટલો બદલાયો હોય પરંતુ ભારતની ભવ્ય સંસ્કૃતિ અને પરંપરા આજે પણ પ્રત્યેક પ્રવાસી ભારતીયના દિલમાં ધબકે છે. ભૌગોલિક અંતર અને સમયના બદલાવ છતાં, લોકોની અંદર રહેલા ભારતીય સંસ્કાર અને આપણું પોતાનું લોહી ક્યારેય બદલાયા નથી અને તે જ આપણી ખરી ઓળખ છે.પોતાના પ્રભાવશાળી સંબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિઓ અને ભૌગોલિક-રાજકીય તણાવ પર ઊંડી ચિંતા વ્યક્ત કરતા એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે ગંભીરતાપૂર્વક ચેતવણી આપતા કહ્યું કે, આ વર્તમાન દાયકો સમગ્ર દુનિયા માટે આપત્તિઓ અને પડકારોનો દાયકો બની રહ્યો છે. જો હજુ પણ વૈશ્વિક સ્તરે પરિસ્થિતિ સુધારવા માટે યોગ્ય અને નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો તેની માઠી અસરો




આવનારા અનેક દાયકાઓ સુધી માનવજાતને ભારે પડશે.આ વૈશ્વિક ચિંતાની સાથે જ તેમણે ૧૬ મેના દિવસને ભારત માટે અત્યંત વિશેષ અને ક્રાંતિકારી ગણાવ્યો હતો. તેમણે ભૂતકાળના સ્મરણો તાજા કરતા યાદ અપાવ્યું કે, આજથી બરાબર ૧૨ વર્ષ પહેલાં એટલે કે વર્ષ ૨૦૧૪માં આજના જ દિવસે લોકસભા ચૂંટણીના ઐતિહાસિક પરિણામો આવ્યા હતા. આ એ પરિણામો હતા જેણે ભારત દેશની વિકાસની દિશા અને દશા કાયમ માટે બદલી નાખી હતી. આ ગૌરવશાળી પ્રસંગે તેમણે નેધરલેન્ડ્સની જનતાને ભારતના ૧૪૦ કરોડ નાગરિકો વતી હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પણ પાઠવી હતી.

વડાપ્રધાન મોદીએ વૈશ્વિક મંચ પરથી જણાવ્યું કે આજનું નવું ભારત બહુ મોટા, અદ્‌ભુત અને સાહસિક સપના જોઈ રહ્યું છે અને તેને સાકાર પણ કરી રહ્યું છે. ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પણ એવા દુર્ગમ સ્થાને પહોંચીને ઈતિહાસ રચ્યો છે, જ્યાં દુનિયાનો કોઈ પણ દેશ આ પહેલા ક્યારેય પહોંચી શક્યો નથી. આજે ભારત માત્ર અવકાશમાં જ નહીં, પરંતુ ટેક્નોલોજી, વિજ્ઞાન અને બિઝનેસના ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે પોતાનો ડંકો વગાડી રહ્યું છે.દેશની ડિજિટલ ક્રાંતિની પ્રશંસા કરતા તેમણે આંકડાકીય માહિતી સાથે જણાવ્યું કે, ભારતમાં હાલ દૈનિક કરોડોની સંખ્યામાં અને વ્યાપક સ્તરે ૨૦ મિલિયનથી પણ વધારે UPI ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે, જે વિશ્વના કોઈપણ દેશ માટે એક અકલ્પનીય સિધ્ધિ છે. આ ઉપરાંત દેશમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળતા હાલ ૨ લાખથી વધુ સ્ટાર્ટઅપ સફળતાપૂર્વક કાર્યરત છે. ભારતના ઝડપથી બદલાતા અર્થતંત્ર અને અદમ્ય યુવાધન વિશે વાત કરતા તેમણે ઉમેર્યું કે, આજનો ભારતીય યુવાન માત્ર નોકરીઓ શોધવા કે પરંપરાગત ક્ષેત્રોમાં અટવાઈ રહેવાને બદલે સ્વનિર્ભર બનવા માંગે છે. આજે દેશનો યુવા પોતે અત્યાધુનિક ડ્રોન બનાવવા માંગે છે અને ઈનોવેશન એટલે કે નવીન સંશોધનો તરફ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે.

# અલનીનોની અસરને કારણે ચોમાસુ વહેલુ પરંતુ દુષ્કાળની ભીતિ : હવામાન વિભાગ

નવી દિલ્હી, તા.૧૬

નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) અને ભારતીય હવામાન વિભાગ (IMD) ની તાજેતરની આગાહીઓ મુજબ, વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ વૈશ્વિક આબોહવા માટે અત્યંત ચિંતાજનક સાબિત થઈ શકે છે. ઓક્ટોબર ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન એક શક્તિશાળી 'સુપર અલ નીનો' સક્રિય થવાની ૬૫% શક્યતા છે, જે ઈતિહાસના સૌથી વિનાશક આબોહવા



પરિવર્તનોની યાદ અપાવે છે. જો કે ભારતમાં ચોમાસું સામાન્ય કરતાં વહેલું એટલે કે ૨૬ મેની આસપાસ કેરળમાં દસ્તક દેશે, પરંતુ અલ નીનોની નકારાત્મક અસરોને કારણે મુખ્ય મહિનાઓમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશના માત્ર ૯૨% રહેવાની આશંકા છે. આ આંકડો સામાન્ય કરતાં ઘણો ઓછો છે અને તેના કારણે દેશના વરસાદ આધારિત કૃષિ ક્ષેત્રોમાં દુષ્કાળનું જોખમ ૩૫% જેટલું વધી ગયું છે. નિષ્ણાતોના

**અણધાર્યા હવામાન અને વૈશ્વિક અસરોની ભીતિ**

મતે, આ ઘટના વૈશ્વિક તાપમાનમાં ભારે વધારો કરશે, જેનાથી પૂર, તીવ્ર ગરમી અને પાક નિષ્ફળ જવાની સમસ્યાઓ સર્જાશે. ભૂતકાળમાં ૧૮૭૭ ના આવા જ એક રાક્ષસી અલ નીનોએ વિશ્વની ૩% વસ્તીનો ભોગ લીધો હતો, જેથી આ વખતે પણ તકેદારી રાખવી અનિવાર્ય બની ગઈ છે.

# વિદેશ યાત્રા પર ટેક્સના અહેવાલો તદ્દન પાયા વિહોણા : પ્રધાનમંત્રી મોદી

નવીદિલ્હી,તા.૧૬

તાજેતરમાં સોશિયલ મીડિયા અને કેટલીક ન્યૂઝ ચેનલો પર એવા અહેવાલો વહેતા થયા હતા કે સરકાર વિદેશ યાત્રા પર વધારાનો કર, સેસ અથવા સરચાર્જ લાદવાનું વિચારી રહી છે. આ સમાચારોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટીને કારણે તેલના ભાવમાં થયેલા વધારા, આયાત ખર્ચ અને યુધ્ધ સાથે સંકળાયેલા આર્થિક દબાણને પહોંચી વળવા માટે સરકાર આવું પગલું ભરી શકે છે. અહેવાલો મુજબ, આ કર અસ્થાયી રૂપે એક વર્ષ માટે લાદવામાં આવનાર હતો અને તેની આવક સીધી કેન્દ્ર સરકારને જવાની હતી. જોકે, શરૂઆતમાં નાણા મંત્રાલય દ્વારા આ અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી, જેના કારણે લોકોમાં ભારે મૂંઝવણ અને ચિંતાનો માહોલ ઊભો થયો હતો.

આ ભ્રામક અહેવાલો પર વિરામ મૂકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે આગળ આવીને સ્થિતિ સ્પષ્ટ કરી છે.



તેમણે એક્સ (ટ્વિટર) પર આ અહેવાલને રીટ્વિટ કરીને તેને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો અને આ વાતને ખુલ્લેઆમ જૂઠાણું ગણાવી હતી. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિદેશ યાત્રા પર આવા કોઈ પણ પ્રકારના પ્રતિબંધો અથવા વધારાનો નાણાકીય બોજ લાદવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તેમણે ઉમેર્યું કે સરકાર દેશના નાગરિકો માટે 'વ્યવસાય કરવાની સરળતા' (ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ) અને 'જીવનની સરળતા' (ઈઝ ઓફ લિવિંગ) સુધારવા માટે સતત પ્રતિબધ્ધ છે, તેથી આવી નકારાત્મક યોજનાઓ વિશે વિચારવાનો કોઈ અવકાશ નથી. વડાપ્રધાનની આ સીધી સ્પષ્ટતા બાદ વિદેશ પ્રવાસ અંગે ફેલાયેલી તમામ અફવાઓનો અંત આવ્યો છે.

### આરોપી ડ્રગ પેડલર્સના ૪૭ જેટલા આવાસો પર બુલડોઝર ફેરવી દેવાયુ

# ૨૮ દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં ૭૩૩ ડ્રગ્સ ગુનેગારોની ધરપકડ

જમ્મુ,તા.૧૬

જમ્મુ અને કાશ્મીરમાં નશીલા પદાર્થોની હેરાફેરીના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે વહીવટીતંત્ર દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી અને કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા ૧૦૦ દિવસના વિશેષ અભિયાનના ભાગરૂપે, છેલ્લા ૨૮ દિવસમાં સુરક્ષા દળો અને પોલીસે સંયુક્ત રીતે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. આ સમયગાળા



દરમિયાન ડ્રગ્સ સપ્લાય ચેઈન અને નેટવર્ક સાથે સંકળાયેલા આશરે ૭૩૩ જેટલા ગુનેગારોની ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. ગુનેગારોમાં ભયનો માહોલ પેદા કરવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ લગાવવા માટે વહીવટીતંત્રએ કડક વલણ અપનાવ્યું છે, જેના ભાગરૂપે ચિહ્નિત કરાયેલા આરોપી ડ્રગ પેડલર્સના ૪૭ જેટલા આવાસો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. તસ્કરોની આર્થિક અને સામાજિક કમર તોડવા માટે સરકારે બહુઆયામી વ્યૂહરચના અપનાવી છે. નશીલા પદાર્થોની ગેરકાયદેસર હેરફેર રોકવાના ઉદ્દેશ્યથી વિવિધ કાયદાકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરીને ગુનેગારોના ૩૭૩ જેટલા ડ્રાઈવિંગ લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, દવાઓની આડમાં નશાનો કાળો કારોબાર ચલાવતી અને નિયમોનું ઉલ્લંઘન કરતી ૧૧૪ કેમિસ્ટ દુકાનોના લાયસન્સ પણ રદ કરી દેવાયા છે.


# ભારતીય સેના પ્રમુખની પાકિસ્તાનને ચેતવણી


નવીદિલ્હી,તા.૧૬

નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને અત્યાર સુધીની સૌથી કડક ચેતવણી આપી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો પાકિસ્તાન પોતાની ધરતી પરથી આતંકવાદીઓને આશ્રય આપવાનું અને ભારત વિરુધ્ધ કાવતરાં ઘડવાનું બંધ નહીં કરે, તો તેણે ભવિષ્ય માટે એક મોટો નિર્ણય લેવો પડશે. પાકિસ્તાને હવે જાતે જ નક્કી કરવું પડશે કે તે આગામી સમયમાં વિશ્વના નકશા એટલે કે ભૂગોળનો ભાગ રહેવા માંગે છે કે પછી માત્ર ઈતિહાસના પાનાઓ સુધી સીમિત થઈ જવા માંગે છે.

જોઈએ છે (MALE-FEMALE)
ACCOUNTANT - 2
ગ્રેજયુએટ-અન્ડર ગ્રેજયુએટ(કોમર્સ),
TALLY અને MIRACLE
એકાઉન્ટીગ સોફટવેરમાં એકાઉન્ટીગ કામ સાંભળી શકે.
GST RETURN WORK - 2
ગ્રેજયુએટ-અન્ડર ગ્રેજયુએટ(કોમર્સ),
કોમ્પ્યુટર તથા GST રિટર્નના કામ કરી શકે.
અનુભવીને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.
:: સંપર્ક ::
મો.૯૪૨૬૨ ૮૭૧૯૩ - ૯૪૨૬૨ ૮૧૨૨૮
૯૪૨૭૭ ૪૫૯૦૫



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૧૭-૦૫-૨૦૨૬

# બાબરાના કર્ણુકી ગામે રૂ. ૬૫.૭૫ લાખના ખર્ચે તળાવ રિસ્ટોરેશનનું ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૬

બાબરા તાલુકાના કર્ણુકી ગામે ખેડૂતોના હિત માટે એક મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. અહીં રૂ. ૬૫.૭૫ લાખના ખર્ચે તળાવ રિસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ



થાય અને પાણીની સંગ્રહ ક્ષમતા વધે તે હેતુસર આ કામગીરી હાથ ધરાઈ છે. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. તળાવના રિસ્ટોરેશનથી આજુબાજુના વિસ્તારમાં સિંચાઈ માટે પૂરતું પાણી મળશે, જેનાથી કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વધુમાં, આ કાર્ય પૂર્ણ થતાં ભૂગર્ભ જળસ્તર પણ સુધરશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રી, સંગઠનના કાર્યકર્તાઓ, સરપંચ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંકુલની એમ. જે. ગજેરા મહિલા બી.એડ્. કોલેજનું સેમેસ્ટર-૧નું ઉત્કૃષ્ટ પરિણામ જાહેર

અમરેલી,તા.૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા બી.એડ. સેમેસ્ટર ૧ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત સંચાલિત એમ. જે. ગજેરા મહિલા બી.એડ્. કોલેજનું ૧૦૦ ટકા પરિણામ સાથે ૧૦૦ ટકા ડિસ્ટીંક્શન આવ્યું છે.



આ કોલેજની વિદ્યાર્થિનીઓ- દુધરેજીયા શ્રુતિ પી. કોલેજ ફર્સ્ટ - ૯૩.૭૬%, ઠોળીયા યશ્વી એસ. કોલેજ સેકન્ડ- ૯૩.૬૦ % અને જોષી ખુશી ડી. કોલેજ થર્ડ - ૯૩.૪૪ % ટકા પ્રાપ્ત

**વિદ્યાર્થિનીઓએ કરેલા સુંદર દેખાવને શાળા સંચાલક મંડળ તરફથી અભિનંદન પાઠવાયા**

કરેલ છે. આ સફળતા મેળવવા બદલ સ્ટાફ-સ્ટુડન્ટ્સ-રેન્કરને શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# કાયદાનું પાલન નહી કરનાર અમરેલીના વેપારી સામે ગૂનો

અમરેલી,તા.૧૬

અમરેલી કેટલાક વેપારીઓ કાયદાનું પાલન નહીં કરતા નિયમોને નેવે મૂકી વ્યાપાર કરતા હોય અમરેલી એસ.ઓ.જી.ની ટીમે તપાસ હાથ ધરી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા પ્રમાણે હોટલો રેસ્ટોરન્ટ પર સીસીટીવી કેમેરા, રેસ્ટોરન્ટમાં કર્મચારીઓની સંખ્યા અને તેની માહિતી વગેરે સંપૂર્ણ વિગત સાથે પોલીસને જાણ કરવી ફરજિયાત છે. ત્યારે એસ.ઓ.જી. એ અમરેલી હઠીલા હનુમાન પાસે લાજીજ રેસ્ટોરન્ટમાં તપાસ કરતા ત્યાં કામ કરતા પરપ્રાંતીય કર્મચારીઓ સબંધિત જાણકારી પોલીસમાં નહીં આપવાનું સામે આવ્યું હતું. આ અંગે રેસ્ટોરન્ટના માલીક રજાક હાજીભાઈ બોળાતર વિરુધ્ધ કાર્યવાહી કરી છે.

# થોરડીમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે 'પરમ' કોમ્પ્યુટર લેબનું ઉદઘાટન

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામમાં કાર્યરત શ્રી નિવાસી અંધ વિદ્યાલય અને લોક વિદ્યા મંદિર ખાતે તાજેતરમાં એક ગૌરવપૂર્ણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. એપીએમ ટર્મિનલ્સ-પીપાવાવના સહયોગ અને સામાજિક જવાબદારીના ભાગરૂપે તૈયાર કરવામાં આવેલી 'પરમ'



નામની અત્યાધુનિક કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અદ્યતન લેબનું ઉદઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર થોમસ અને અન્ય મહાનુભાવોના વરદ હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રસંગે નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ (NAB) ગુજરાતના સેક્રેટરી તારકભાઈ લુહાર પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.ખાસ સોફ્ટવેર અને સુવિધાઓથી સજ્જ આ લેબ વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને નવી ઊંચાઈએ લઈ જશે.

# સલડી ગામમાં માતાજીની મઢી ખાતે શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન

લીલીયા, તા. ૧૬

લીલીયાના સલડી ગામ નજીક આવેલા સલડી ધામ માતાજીની મઢી અને સિદ્ધેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભવ્ય શિવ મહાપુરાણ કથાનું આયોજન કરાયું છે. મહંત ભગવાનગીરી બાપુ તેમજ બ્રહ્મલીન મહંતોના સ્મરણાર્થે યોજાયેલી આ કથામાં કથાકાર શાસ્ત્રી શુક્લ દાદા ભક્તોને શિવ પુરાણનું રસપાન કરાવી રહ્યા છે. કથામાં શિવ-પાર્વતી લગ્ન અને વિવિધ દિવ્ય અવતારોના પ્રસંગો ઉજવાતાં સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું છે. આ ધાર્મિક મહોત્સવમાં સલડી, ગોઢાવદર અને લીલીયા સહિતના વિસ્તારોમાંથી તમામ જ્ઞાતિના શિવ ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથા શ્રવણ તેમજ મહાપ્રસાદનો એકસાથે ભાવપૂર્વક લાભ લઈ રહ્યા છે.

# અમરેલીમાં શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિનની ઉજવણી

અમરેલી,તા.૧૬

આધ્યાત્મિક સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ'ના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજીના ૭૦મા જન્મદિન અવસરે અમરેલીમાં ગાવડકા રોડ ખાતેના કિસાન ફાર્મમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે સત્સંગ, ગુરુપજા, ઈન્ટ્યુશન ડેમો, ધ્યાન જ્ઞાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૧૫૦થી વધુ અમરેલી અને આસપાસના ગામડાઓમાંથી બાળકો યુવાનોઅને વડીલો ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગુરુદેવના જીવનમૂલ્યો, માનવસેવા, યોગ, ધ્યાન અને જીવનમાં સકારાત્મકતા અંગે માર્ગદર્શન આપીને ગુરુજીના ૭૦ વર્ષ પૂર્ણ થવા નિમિતે ૭૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો હતો. જેને સફળ બનાવવા એફટીસી હોલ ટીમ અમિતભાઈ, હરેશભાઈ, મયુરભાઈ સાગઠીયા ઉમેશભાઈ, દિવ્યકાંત ભાઈ, ભરતભાઈ,



શોભિનીબેન, ભાવિનાબેન, બેનાબેન, નિલેશભાઈ નશીતભાઈ, ભાવિનભાઈ, નિકિતભાઈ, રામભાઈ, નિલેશભાઈ રાઠોડ, શારદાબેન,



વૈશાલીબેન, સંગમભાઈ, શ્યામભાઈ, રાજુભાઈ તોગડિયા, અનુબેન, જોષીભાઈ, ધાર્મિકભાઈ, આદિત્ય, કાવ્ય, વિરલભાઈ, બિનતલબેન, અને વોલેન્ટરી ટીમ અને ટીચર ટીમ ઉમેશભાઈ દુધાત, કાનન બેન, રાઘવભાઈ ટીમ જહેમત અને સંકલન દ્વારા સફળતા પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ માત્ર પોતાની એક જ ગાડી સાથે ગામડાઓનો પ્રવાસ કર્યો

**વડાપ્રધાનની ઈંધણ બચતની અપીલને પ્રાધાન્ય આપ્યું**

અમરેલી,તા.૧૬

તાજેતરની વૈશ્વિક સ્થિતિના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશવાસીઓને ઈંધણ બચત માટે પ્રેરિત કર્યા છે. આ અન્વયે રાજ્ય સરકાર દ્વારા પણ



કેટલાક નીતિ અને નિયમો અમલી બનાવવામાં આવ્યા છે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પણ ઈંધણ બચતની અપીલને પ્રાધાન્ય આપીને માત્ર પોતાની એક જ ગાડી સાથે ગામડાઓનો પ્રવાસ કર્યો હતો અને વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. સાદગીનું ઉત્તમ ઉદાહરણ રાજ્યમંત્રીએ પૂરું પાડ્યું હતું. કૌશિકભાઈ વેકરીયાએ ગાડીઓનો કાફલો ઓછો કરતા તેમના પ્રયત્નોને લોકોએ આવકાર્યા હતા.

# અમરેલીમાં તા.૨૧મીએ રોજગાર ભરતીમેળો યોજાશે

અમરેલી,તા.૧૬

અમરેલીમાં આલ્ફા ઓટોલીંક પ્રા.લી માટે ૨૦ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ સ્નાતક, ડિપ્લોમાં મેકેનિક, ટેકનિકલ, આઈ.ટી.આઈ, ટેલી (અનુભવ ૩) વર્ષની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ તા.૨૧ના રોજ સવારે ૧૧ કલાકે આલ્ફા ઓટોલીંક (નેક્સા) લાઠી રોડ, નવનીત પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

**૨૨ દર્દીઓના ફેકોમશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન કરાયા; આંખ, દાંત અને આયુર્વેદિક સારવાર તથા દવાઓનું કરાયું વિનામૂલ્યે વિતરણ**

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૯૦મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો

ચલાલા,તા.૧૬

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા દ્વારા તાજેતરમાં ૨૯૦મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો, જેમાં કુલ ૧૫૦ દર્દીઓએ લાભ લીધો હતો.

સંત ડૉ. રતિદાદાના આશીર્વાદથી શરૂ થયેલા આ કેમ્પમાં સ્વ. જનકભાઈ અને સ્વ. કુશલ રાજાની સ્મૃતિમાં યુ.કે. સ્થિત દાતાઓના આર્થિક સહયોગથી આંખના દર્દીઓની તપાસ કરાઈ હતી. તેમાંથી ૨૨ દર્દીઓને રાજકોટની રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ



ફેકોમશીનથી વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અને સરકારી દવાખાનાઓનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો. આ ઉપરાંત, ડૉ. ઈશાબેને દાંતની સારવાર અને ડૉ. પ્રકાશભાઈએ આયુર્વેદિક સારવાર તથા દવાઓ વિનામૂલ્યે પૂરી પાડી હતી. કેમ્પ દરમિયાન દર્દીઓને વ્યસનમુક્તિ અને સદાચારનો પ્રેરક સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર લોકકલ્યાણના આયોજનને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા અને શીતલબેન સહિતના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.









### ખરીફ પાક માટે ટેકાના ભાવમાં થયેલા નજીવા વધારાને આવકારવા નેતાઓ બિલાડીના ટોપની જેમ ફૂટી નિકળ્યા પરંતુ

# ખાતરના વધેલા ભાવ અંગે અમરેલી જિલ્લાના નેતાઓનું ભેદી મૌન

અમરેલી,તા.૧૬

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ખરીફ પાક માટે ટેકાના ભાવમાં કરવામાં આવેલા વધારાને વધાવવા માટે અમરેલી જિલ્લાના નેતાઓ જાણે મેદાનમાં ઉતરી આવ્યા છે. સોશિયલ મીડિયાથી લઈને અખબારી યાદીઓ સુધી, સરકારના ગુણગાન ગાવા માટે નેતાઓની હોડ જામી છે. પરંતુ આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે, આ જ નેતાઓ ખેતીના પાયા સમાન ગણાતા ખાતરના ભાવમાં થયેલા તોતિંગ વધારા અંગે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી. જ્યારે સરકાર ટેકાના ભાવમાં નજીવો વધારો કરે છે ત્યારે 'બિલાડીના ટોપની જેમ' ફૂટી નીકળતા આ નેતાઓ, ખાતરના વધેલા ભાવના મુદ્દે અત્યારે ભેદી મૌન સેવીને બેઠા છે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજ્યનો ખેડૂત આજે ચિંતાતુર છે, છતાં કોઈ પણ રાજકીય નેતા આ ભાવવધારા સામે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવાની હિંમત દાખવતા નથી. એવું લાગી રહ્યું છે કે જાણે આ નેતાઓ પક્ષના મોવડીમંડળ સામે રજૂઆત કરતા ડરી રહ્યા છે અથવા તો તેમને ખેડૂતોની પીડા કરતા સત્તા વધુ વ્હાલી છે.વર્તમાન પરિસ્થિતિ એવી છે કે આગામી ચોમાસુ પાકની તૈયારીઓ શરૂ થઈ રહી છે. ખેડૂત બિયારણ અને ખેડની ચિંતા કરે



કે ખાતરના આસમાને પહોંચેલા ભાવોની? ખાતરના ભાવમાં બેફામ વધારો ઝીંકીને તેની સામે ટેકાના ભાવમાં સામાન્ય વધારો કરવો એ ખેડૂતો સાથે ક્રૂર મજાક સમાન છે. અમરેલી જિલ્લાના નેતાઓ અત્યારે માત્ર સરકારના વખાણ કરવામાં જ વ્યસ્ત છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે જિલ્લામાં ઘણા સમયથી ખાતરનો પૂરતો જથ્થો પણ ઉપલબ્ધ નથી. ખેડૂતોને લાઈનોમાં ઉભા રહેવું પડે છે અથવા તો કાળાબજારનો સામનો કરવો પડે છે. આ ગંભીર મુદ્દે રજૂઆત કરવાને બદલે નેતાઓ માત્ર અખબારના માધ્યમથી પોતાની હાજરી પુરાવી રહ્યા છે.અમરેલી જિલ્લાના પાંચ ધારાસભ્યો અને સાંસદ પોતે ખેડૂત છે. જે નેતાઓ ખેતી અને ખેડૂતના નામે મતો મેળવીને સત્તાના સ્થાને પહોંચ્યા છે, તેઓ જ આજે ખેડૂતોની આર્થિક કમર તૂટતી જોઈને મૌન છે. શું આ નેતાઓને કેન્દ્ર સરકારમાં રજૂઆત કરતા ફાળ પડી રહી છે? જે ઉત્સાહથી તેઓ ટેકાના ભાવને આવકારી રહ્યા છે, તે જ ઉત્સાહ અને હિંમતથી જો તેઓ ખાતરના ભાવ ઘટાડવાની માંગ કરે તો જ તેઓ સાચા ખેડૂત ગણાશે. હાલ તો ખાતરના આસમાની ભાવ અને નેતાઓની ઉદાસીનતાને કારણે જગતના તાતમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ભાજપ તો ઠીક વિપક્ષોએ પણ આ બાબતે પોતાના મોઢા સીવી લીધા છે. જેથી નેતાઓના આ ભેદી મૌનથી ખેડૂતો પોતે પોતાને નિઃસહાય અનુભવી રહ્યા છે.

# બાબરા તાલુકાના કરિયાણા ગામેથી ૬ પત્તાપ્રેમીઓ પોલીસ પકડમાં, ૪ ફરાર

બાબરા, તા. ૧૬

બાબરાના કરિયાણા ગામે ઘુમટી પાસે, સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા ૬ પત્તાપ્રેમીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા, જ્યારે ૪ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.પોલીસના દરોડા દરમિયાન સુરેશભાઈ વશરામભાઈ સિતાપરા, મનિષભાઈ નાનજીભાઈ મારૂ, મેહુલભાઈ ઉર્ફે છોટુ રણછોડભાઈ જાબુકીયા, કેતનભાઈ વિનુભાઈ ઝાપડીયા, વલ્લભભાઈ બાબુભાઈ વેજીયા, બિજલભાઈ કડવાભાઈ કાગડ, સંજયભાઈ વાઘાભાઈ વાઘેલા, કરણ ઉર્ફે કલો રમેશભાઈ રાઠોડ, નિલેષભાઈ બાબુભાઈ રાઠોડ તથા વિક્રમભાઈ ખોડાભાઈ જાદવ જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૧૦,૧૧૦ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વાય. એચ. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં ગઠિયાએ ફોન હેક કરી ગૂગલ પે મારફતે રૂ. ૧.૩૦ લાખ પડાવ્યા

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક અજ્ઞાત સાયબર ગઠિયાએ એક પ્રૌઢનો મોબાઈલ ફોન હેક કરીને તેમના બેંક ખાતામાંથી ગૂગલ પે એપ્લિકેશન મારફતે ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૩૦,૦૦૦ ની ઓનલાઈન ઠગાઈ આચરી હતી. આ મામલે ભોગ બનનારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.હુસેનભાઈ ફકરૂદીનભાઈ લોકાટએ હૈદરાબાદના અડરલા નિતિન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોબાઈલ ફોનને આરોપીએ કોઈ અજ્ઞાત માધ્યમથી હેક કરી લીદો હતો. ફોનનો સંપૂર્ણ કંટ્રોલ પોતાના હાથમાં લીધા બાદ શાતિર આરોપીએ ફરિયાદીની જાણ બહાર ઓનલાઈન ટ્રાન્ઝેકશનો શરૂ કર્યા હતા. આરોપીએ ફરિયાદીના બેંક ખાતા સાથે જોડાયેલી ગૂગલ પે એપ્લિકેશનનો દુરુપયોગ કર્યો હતો. તેમને ગંધ પણ ન આવે તે રીતે અલગ-અલગ તારીખે જુદી-જુદી રકમના ઓનલાઈન વહેવારો કરવામાં આવ્યા હતા. જ્યારે તેમને પોતાના ખાતામાંથી મોટી રકમ ગાયબ થઈ હોવાની ખબર પડી, ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બેંક ખાતાની તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તેમની જાણ બહાર કુલ રૂ.૧,૩૦,૦૦૦ ઉપડી ગયા છે. પોતાની સાથે ઓનલાઈન ફ્રોડ થયું હોવાનો અહેસાસ થતાં જ તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.


અમરેલી જિલ્લાની માત્ર બહેનો માટેની અગ્રીમ ગ્રાન્ટેડ સંસ્થા...
શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ - અમરેલી
ધો.૯ તથા ૧૧ માં પ્રવેશ કાર્ય શરૂ છે. વહેલી તકે પ્રવેશ મેળવી લેશો...
ધો.૧૨ માં એડમીશન બંધ છે. (એડમીશન અંગે શરમાવશો નહિં.)
ધોરણ 9,10,11,12
આર્ટ્સ | કોમર્સ | સાયન્સ
શાળાની વિશેષતાઓ...
• શહેરની મધ્યમાં સંપૂર્ણ સલામત, શાંત, શિસ્તબધ્ધ અને પવિત્ર વાતાવરણ.
• શાળામાં કાયમી તથા નિષ્ણાંત તજજ્ઞ શિક્ષકોની ટીમ હોવાથી વર્ષ દરમ્યાન સાતત્યપૂર્ણ અને સચોટ શિક્ષણ.
• શાળામાં વિકલી ટેસ્ટ, યુનિટ ટેસ્ટ અને બોર્ડની પરીક્ષાના આદર્શ પશ્નપત્રની તૈયારી સાથે નિદાન ઉપચાર શિક્ષણનું વિદ્યાર્થીલક્ષી આયોજન, અમલીકરણ અને પરિણામ.
• સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક અને ગણિત-વિજ્ઞાન પ્રવૃત્તિઓમાં અગ્રેસર શાળા.
• અદ્યતન સ્માર્ટરૂમ દ્વારા કોમ્પ્યુટરનું સચોટ શિક્ષણ.
• નિયમિત વાલી મિટીંગ અને કેરીયર માર્ગદર્શન સેમિનારનું આયોજન.
• સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઈન્ડસ્ટ્રીય વિઝીટ.
• વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાનની અદ્યતન લેબ.
• C.C.T.V કેમેરાથી સજ્જ શૈક્ષણિક પરિસર, દરેક રૂમમાં C.C.T.V થી સુરક્ષા.
2026-27 ADMISSION OPEN
એડમીશન હેલ્પલાઈન નં.
ઈલા મેડમ મો.94291 64065 | જસ્મીના મેડમ મો.94282 94003
રાહુલ સર મો.99780 45716 | હિરેન સર મો.99250 82944 | ઝાલા સર મો.91064 72033 | ગીતા મેડમ મો.98986 92208
અખાડા સામે, લાઠી રોડ, અમરેલી. - ૩૬૫૬૦૧


# ડુંગર ગામના રામ દરબાર આશ્રમમાં કોમી એકતાના દર્શન

રાજુલા,તા.૧૬

રાજુલાના ડુંગર ગામે શ્રી રામ દરબાર આશ્રમ દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત કથાના રૂડા અવસરે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ છવાયો છે. આગામી તારીખ ૨૨ મે ૨૦૨૬, શુક્રવારના રોજ ડુંગર સર્વ સમાજ માટે 'ગામ ધુવાડાબંધ' ભોજન પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગમાં રામ દરબાર મંડળ દ્વારા પીરે તરીકત સૈયદ નઝીર બાપુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓને રૂબરૂ મળીને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ સદ્ભાવનાના પ્રતિસાદ રૂપે મુસ્લિમ સમાજ દ્વારા ભાગવત કથાના આ કાર્યમાં રૂ.૪૧,૦૦૦નું માતબર દાન અર્પણ કરવામાં આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

મુસ્લિમ અગ્રણીઓએ રામ દરબાર મંડળને ખાતરી આપી હતી કે આ ભવ્ય પ્રસંગમાં તેઓ ખભેખભો મિલાવીને સાથે ઊભા રહેશે અને તમામ રીતે સહયોગ આપશે.


શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.

લેઉવા પટેલ ટ્રસ્ટ
આર્ટસ કોમર્સ સાયંસ
ગુજરાતી - ઈંગ્લીશ મિડીયમ
ધો. ૧૧-૧૨ પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad067

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪ મનિષ વાકોતર ▪ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ નામ પાનસુરીયા નીતા અમૃતલાલ માંથી બદલીને પાનસુરીયા નીતાબેન અમૃતલાલ રાખેલ છે. હવેથી હું પાનસુરીયા નીતાબેન અમૃતલાલ નામથી ઓળખાઈશ તેની સર્વોએ નોંધ લેવી.
સહી : પાનસુરીયા નીતાબેન અમૃતલાલ
સરનામું : માણેકપરા, મહિલા વિકાસની બાજુમાં, અમરેલી


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૦/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી લીલીબેન પીઠાભાઈ ચૌહાણ,
રે. રામપુર, તા.વડીયા, જી.અમરેલી
**એડ.શ્રી વિજયકુમાર એમ. રાઠોડ, મો.૯૭૨૫૬ ૦૨૨૨૫**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ભાલાળી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી લીલીબેન પીઠાભાઈ ચૌહાણએ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ મુ.તાલાળી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલનો રાજ્ય કક્ષાએ ઈન્ટર DLSS હેન્ડબોલ લીગમાં મેળવ્યો સુવર્ણ પદક

અમરેલી,તા.૧૬

જૂનાગઢના ચાપરડા ખાતે ૨૬ એપ્રિલથી ૦૧ મે ૨૦૨૬ દરમિયાન આયોજિત ઈન્ટર D.L.S.S. લીગ હેન્ડબોલ સ્પર્ધામાં અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે.આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રાજ્યભરની શ્રેષ્ઠ શાળાઓની ટીમો સામે ભાઈઓની હેન્ડબોલ ટીમે પ્રારંભિક




રાઉન્ડથી જ અદભુત કૌશલ્ય અને આત્મવિશ્વાસનો પરિચય આપી ફાઈનલ સુધીની સફર સફળતાપૂર્વક પાર પાડી હતી. આ ભવ્ય જીત સાથે સુવર્ણ પદક હાંસલ કરીને ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ટીમની આ વિશેષ સફળતા પાછળ ગજેરા સ્પોર્ટ્સ સ્કૂલનું નિયમિત પ્રશિક્ષણ તેમજ કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમિબેનનું માર્ગદર્શન મુખ્ય રહ્યું છે. આ અદ્ભુત સિધ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા તેમજ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતના પદાધિકારીઓએ વિજેતા ટીમ અને કોચને અભિનંદન પાઠવ્યા છે.

# ચાવંડ પાસે કારચાલકે બાઈકને પાછળથી ઠોકર મારતાં યુવકનું થયું કરુણ મોત

**મૃતકની પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૬

રાજકોટ-ભાવનગર હાઈવે રોડ પર ચાવંડ ગામ નજીક કરકોલીયા જવાના રસ્તા પાસે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે દોડતી એક ફોરવ્હીલ કારના ચાલકે બાઈક સવાર યુવકને પાછળથી જોરદાર ટક્કર મારતાં, ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે કાર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ મધ્યપ્રદેશના અને હાલ ચાવંડમાં રહેતા અનીતાબેન તેરસિંહ શીંગાડ (ઉ.વ.૩૪)એ ફોરવ્હીલ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.મળતી વિગતો મુજબ, તેરસિંહભાઈ ચાવંડ ગામના કરકોલીયા રોડ પર આવેલા સોલર પ્લાન્ટથી ચાવંડ ગામે દૂધ લેવા માટે જઈ રહ્યા હતા. તેઓ જ્યારે કરકોલીયા ગામે જવાના રસ્તેથી રાજકોટ-ભાવનગર હાઈવે રોડ ઉપર ચડી રહ્યા હતા, બરાબર તે જ સમયે એક ફોરવ્હીલ કારના ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી દીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાં જ તેરસિંહભાઈ રોડ પર ફગાયા હતા. તેમને માથાના ભાગે ડાબી બાજુ કપાળ પાસે હેમરેજ જેવી અત્યંત ગંભીર ઈજાઓ થઈ હતી અને શરીરે પણ નાની-મોટી અન્ય ઈજાઓ પહોંચી હતી. ગંભીર રીતે લોહીલુહાણ હાલતમાં જ ઘટનાસ્થળે તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

# બાબરા તાલુકાના વાવડી ગામે પિતાએ પોપટનું બચ્ચું ન પાળવા ઠપકો આપતા પુત્રનો આપઘાત

બાબરા, તા.૧૬

બાબરા તાલુકાના વાવડી ગામે એક અત્યંત કરુણ અને ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક યુવકને તેના પિતાએ ઘરમાં પોપટનું બચ્ચું ન પાળવા બાબતે સામાન્ય ઠપકો આપ્યો હતો. જો કે, આ વાતનું યુવકને અત્યંત માઠું લાગી આવતાં, તેણે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ નાનકડી બાબતમાં યુવકે જિંદગી ટૂંકાવી લેતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવાર શોકતુર બન્યો છે.મળતી માહિતી મુજબ, વાવડી ગામે રહેતા વૈભવ અરવિંદભાઈ કુંવરીયાએ ક્યાંકથી પોપટનું એક નાનું બચ્ચું લાવીને ઘરમાં પાળવા માટે રાખ્યું હતું. આ બાબત તેના પિતા અરવિંદભાઈ ખોડાભાઈ કુંવરીયાને યોગ્ય ન લાગતાં, તેમણે પુત્રને ટોક્યો હતો અને ઘરમાં પોપટનું બચ્ચું ન રાખવા બાબતે ઠપકો આપ્યો હતો. પિતાએ આપેલો આ સામાન્ય ઠપકો યુવક સહન કરી શક્યો નહોતો અને તેને મનમાં અત્યંત લાગી આવ્યું હતું. આવેશમાં આવીને યુવકે ઘરમાં જ ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેનું કરુણ મોત નીપજ્યું હતું.

બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ રાહુલ વલ્લભભાઈ સિંધવ આ ફરિયાદ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં પિતાને ઠપકો આપવા બાબતે છરી અને ધોકા વડે પરિવારને ધમકાવ્યો

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૬

બાબરા શહેરમાં જૂની માથાકૂટનો આક્રોશ રાખીને એક પરિવાર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. પંદર દિવસ પહેલાં થયેલી બોલાચાલીનો ઠપકો આપવા ગયેલા પરિવારના સભ્યો પર આરોપીઓએ એકસંપ થઈને છરી અને લાકડાના ધોકા વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે આ મામલે સાત શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે ધારીના દહીડા ગામે રહેતા હેતલબેન વનરાજભાઈ ઘુસામાએ પ્રદિપભાઈ નકુભાઈ બોરીચા, શિવરાજભાઈ દડુભાઈ ખાચર તથા શિવરાજભાઈ દડુભાઈ ખાચરના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના પિતા સાથે શિવરાજભાઈ ખાચરે આશરે પંદર દિવસ પહેલાં કોઈ બાબતે માથાકૂટ કરી હતી. આ મામલે ફરિયાદી અને તેમની બહેન ઈલાબેન ઠપકો આપવા માટે ગયા હતા. પોતાની જ્ઞાતિ કે ઓળખીતાને ઠપકો આપવો તે આરોપી પ્રદિપભાઈ બોરીચાને ગમ્યું નહોતું અને મનદુઃખ લાગી આવ્યું હતું. આ બાબતની અદાવત રાખીને પ્રદિપભાઈ બોરીચાએ પોતાનું બુલેટ મોટરસાયકલ લઈને તેના ઘર પાસે ધસી આવ્યો હતો. તેણે તેમને ગાળો ભાંડી અચાનક છરી વડે છાતીના ભાગે ઘા ઝીંકી દીધો હતો. આ હુમલો જોઈ તેની બહેન ઈલાબેન વચ્ચે પડતાં આરોપીએ તેમને પણ છરી મારી હાથની આંગળીમાં ઈજા પહોંચાડી હતી. આરોપીએ તેમને અને સાહેદને લાકડાના ધોકા વડે બેફામ માર માર્યો હતો. આ સમયે વચ્ચે બચાવવા આવેલા ઉષાબેનને પણ ધોકો લઈને મારવા દોડી, ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ શીવરાજભાઈ દડુભાઈ ખાચરે રાજુભાઈ ભીખુભાઈ વાળા, સત્યજીતભાઈ રાજુભાઈ વાળા, ભરતભાઈ જીવાભાઈ માંજરીયા, અશોકભાઈ જીવાભાઈ માંજરીયા, ગૌતમભાઈ જીવાભાઈ માંજરીયા, દિગ્વીજયભાઈ ભરતભાઈ માંજરીયા, ઉષાબેન ભરતભાઈ માંજરીયા,ઈલાબેન, હેતલબેન,મનુબેન ભીખુભાઈ વાળા તથા નયનાબેન રાજુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ઈલાબેન અને હેતલબેને તેની દુકાને જઈને પોતાના બાપુજી ભીખુભાઈને પંદરેક દિવસ પહેલાં શું કામ પછાડી દીધા હતા હતા તેમ કહી તેમને તથા પ્રદિપભાઈને ગાળો આપી હતી. પ્રદિપભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત તેમને મોઢાના ભાગે લાફા મારી તથા શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

# અમરેલીમાં અન્ય યુવતી સાથે ફોન પર વાત કરવાની ના પાડતાં પતિએ પત્ની પર દસ્તા વડે હુમલો કર્યો

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાંથી એક ચોંકાવનારો કૌટુંબિક વિવાદ અને હિંસાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં અન્ય કોઈ યુવતી સાથે ફોન પર વાત કરવા બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાઈ ગયેલા પતિએ પત્ની પર ઘાતક હુમલો કરી દીધો હતો. પતિએ ગાળો ભાંડીને માથાના ભાગે લાકડા અથવા લોખંડના દસ્તા વડે ફટકો મારતાં મહિલા લોહીલુહાણ થઈ ગઈ હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.આ અંગે ટીનાબેન લલીતભાઈ મકવાણાએ પતિ લલીતભાઈ રવજીભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિ અન્ય એક યુવતી સાથે ફોન પર લાંબી વાતો કરી રહ્યો હતો. આ બાબતની જાણ થતાં પત્નીએ આરોપી પતિને ટોક્યો હતો અને આ અંગે પૂછપરછ કરી હતી. અન્ય યુવતી સાથે વાત કરવાની ના પાડતાં જ પતિ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.પતિએ પત્નીને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ઘરમાં પડેલો દસ્તો ઉપાડીને તેના માથાના ભાગે ઝીંકી દીધો હતો. આ હુમલાને કારણે મહિલાને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. હુમલો કર્યા બાદ પણ પતિ શાંત થયો ન હતો અને તેણે ભવિષ્યમાં પત્નીને જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી હતી.

# લીલીયાની વિવિધ સરકારી કચેરીઓની જિલ્લા પંચાયત સદસ્ય દ્વારા મુલાકાત

લીલીયા,તા.૧૬

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ લીલીયા જિલ્લા પંચાયતના સદસ્ય જીગ્નેશ સાવજ દ્વારા વિવિધ સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને



પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ સાથે બેઠક યોજીને પડતર પ્રશ્નોના ત્વરિત નિકાલ માટે તાકીદ કરી હતી. સદસ્યએ વહીવટી કામગીરીનું નિરીક્ષણ કરી ગ્રામ્ય વિસ્તારના અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવા અને પાયાની સુવિધાઓના કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ તકે તાલુકા ભાજપના હોદ્દેદારો અને ચૂંટાયેલા સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૨૦૧૪ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૮૭૦ | ૧૦૨૭ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૩૪ |
| જુવાર પીળી | ૩૭૦ | ૪૭૦ |
| બાજરી | ૩૫૦ | ૪૪૪ |
| મકાઇ | ૩૭૦ | ૪૧૦ |
| તુવેર | ૧૦૬૦ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૯૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૭૮૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૨૬ |
| મગ | ૧૬૦૦ | ૧૮૪૮ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૦૪૦ |
| ચોળી | ૬૪૦ | ૧૫૫૦ |
| વટાણા | ૫૫૦ | ૧૦૨૫ |
| કળથી | ૩૯૫ | ૩૯૫ |
| રાજમા | ૪૩૦ | ૧૬૯૯ |
| સીંગદાણા | ૧૬૮૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૬૪૪ |
| મગફળી જીણી | ૧૨૪૦ | ૧૭૩૧ |
| તલી | ૧૯૫૦ | ૨૩૫૦ |
| સુરજમુખી | ૧૧૦૭ | ૧૪૭૬ |
| એરંડા | ૧૧૫૫ | ૧૩૦૭ |
| અજમો | ૧૨૦૦ | ૨૨૮૦ |
| સુવા | ૮૮૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૮૬ |
| સીંગફાડા | ૧૩૭૦ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૪૫૫ |
| લસણ | ૮૬૧ | ૧૬૦૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૨૨૭૫ | ૨૪૫૦ |
| મરચા સુકા | ૧૬૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૫૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૨૦૬૪ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૬૦ |
| રાય | ૧૨૬૦ | ૧૫૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૨૭૦૦ | ૩૪૭૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૩૫૧ |
| રજકાનું બી | ૪૭૦૦ | ૬૭૫૦ |
| અશેરીયો | ૧૦૮૯ | ૧૦૮૯ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૬૯ | ૫૮૯ |
| લીંબુ | ૨૨૧૮ | ૪૪૧૫ |
| સાકરટેટી | ૧૩૧ | ૨૫૪ |
| તરબુચ | ૧૦૫ | ૨૧૦ |
| પપૈયા | ૭૯ | ૧૫૬ |
| બટેટા | ૧૦૩ | ૨૮૪ |
| ડુંગળી સુકી | ૬૫ | ૩૧૫ |
| ટમેટા | ૩૬૯ | ૫૭૮ |
| સુરણ | ૮૦૨ | ૯૮૮ |
| કોથમરી | ૬૨૫ | ૮૫૮ |
| રીંગણા | ૧૨૨ | ૨૩૩ |
| કોબીજ | ૧૦૯ | ૨૧૧ |
| ફ્લાવર | ૨૨૩ | ૩૯૪ |
| ભીંડો | ૧૬૯ | ૨૭૬ |
| ગુવાર | ૩૭૬ | ૮૨૮ |
| ચોળાસીંગ | ૪૫૬ | ૭૭૬ |
| ટીંડોળા | ૩૮૫ | ૭૮૨ |
| દુધી | ૧૧૧ | ૨૦૫ |

| | | |
|---|---|---|
| કારેલા | ૨૦૪ | ૩૫૩ |
| સરગવો | ૨૫૭ | ૫૦૪ |
| તુરીયા | ૩૫૩ | ૬૬૮ |
| પરવર | ૫૨૪ | ૭૧૬ |
| કાકડી | ૧૭૧ | ૩૮૨ |
| ગાજર | ૩૩૪ | ૫૦૧ |
| વટાણા | ૧૩૦૫ | ૧૫૧૧ |
| ગલકા | ૧૫૩ | ૨૭૧ |
| બીટ | ૧૫૪ | ૩૪૨ |
| મેથી | ૭૭૬ | ૯૮૪ |
| ડુંગળી લીલી | ૫૨૧ | ૭૦૨ |
| આદુ | ૧૪૧૧ | ૧૬૨૩ |
| મરચા લીલા | ૫૧૧ | ૭૦૯ |
| મકાઇ લીલી | ૧૪૮ | ૩૨૦ |
| ગુંદા | ૨૩૩ | ૪૪૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૨૧ | ૧૯૫૧ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૬૧૧ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૧૬૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૪૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૭૦૧ | ૪૪૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૭૦૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૩૨૧ |
| તુવેર | ૮૫૧ | ૧૫૫૧ |
| મેથી | ૬૭૬ | ૧૪૮૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૬૭૧ |
| સફેદ ચણા | ૧૦૩૧ | ૧૭૪૧ |
| ઇસબગુલ | ૧૩૪૧ | ૨૦૪૧ |

| | | |
|---|---|---|
| ધાણી | ૧૮૦૧ | ૨૭૮૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૨૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૪૧૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૫૦ | ૧૪૫૦ |
| શિંગ દાણા | ૧૬૫૦ | ૨૦૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૮૬૫ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૫૧૫ |
| તલ કાળા | ૧૬૯૦ | ૩૫૯૫ |
| તલ કાશમીરી | ૨૧૯૫ | ૨૧૯૫ |
| બાજરો | ૪૪૫ | ૪૪૫ |
| જુવાર | ૩૯૦ | ૮૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૬૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૭૫ |
| ચણા દેશી | ૧૦૨૫ | ૧૦૩૦ |
| સફેદ ચણા | ૧૦૧૫ | ૧૧૩૫ |
| છોલે ચણા | ૧૦૫૦ | ૧૩૮૫ |
| તુવેર | ૯૮૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૧૫૦ | ૨૦૦૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૩૨૮૫ | ૩૯૦૦ |
| ગમ ગુવાર | ૯૬૫ | ૯૬૫ |
| ધાણા | ૧૯૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૯૮૦ | ૨૫૩૦ |
| મેથી | ૧૦૭૦ | ૧૩૨૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૮૦ |
| મરચા લાંબા | ૬૦૦ | ૧૦૧૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૫૦ | ૧૯૭૧ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૦૫ | ૧૪૦૫ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૩૦૨૦ | ૩૬૩૦ |
| જીરૂ | ૩૧૭૦ | ૩૮૨૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૯૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| એરંડા | ૧૦૯૦ | ૧૧૯૦ |
| મગ | ૧૪૫૫ | ૧૭૦૫ |
| તુવેર | ૧૨૧૫ | ૧૪૩૫ |
| ધાણા | ૧૮૯૫ | ૨૪૬૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ઘઉં | ૪૨૬ | ૪૫૫ |
| ચણા | ૯૧૦ | ૧૦૪૦ |
| તુવેર | ૧૧૪૦ | ૧૪૫૩ |
| ધાણા | ૨૨૧૦ | ૨૨૧૦ |
| તલ | ૧૭૦૦ | ૧૭૯૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૩૦ |
| શીંગ ફાડા | ૧૪૦૫ | ૧૬૫૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૩૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૨૫ | ૪૮૮ |
| રાય | ૧૨૦૦ | ૧૪૪૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૯૯ |

| | | |
|---|---|---|
| જુવાર | ૮૦૦ | ૯૭૦ |
| ચોળી | ૯૦૦ | ૧૬૧૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૪૭ |
| એરંડી | ૧૧૦૦ | ૧૦૫૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૬ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૧૫૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૪૯૮ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૪૮ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૦૧ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૬૦ |
| ચણા | ૯૯૫ | ૧૦૩૦ |
| ધાણા | ૨૧૫૦ | ૨૨૦૫ |
| મગ | ૧૬૩૫ | ૧૬૩૫ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૨૦૫૫ |
| મગફળી | ૧૧૭૫ | ૧૩૪૦ |
| એરંડી | ૧૨૨૬ | ૧૨૨૬ |
| સોયાબીન | ૧૨૪૫ | ૧૩૩૫ |
| શિંગ ફાડા | ૧૬૯૫ | ૧૭૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૨૫ |
| જુવાર | ૬૨૬ | ૬૨૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૩૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૪ |
| મગ | ૧૦૦૧ | ૧૭૧૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૧૬ |
| તુવેર | ૯૫૧ | ૧૨૪૬ |
| મગફળી | ૯૦૧ | ૧૨૪૧ |
| શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૭૪૬ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૨૭૧ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૪૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૧૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૬૫૫ |
| શિંગ મોટી | ૧૩૨૫ | ૧૬૪૧ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૮૮૫ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૭૧ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૫૨૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૫૦ |
| કપાસ | ૧૭૦૦ | ૧૯૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૬૦ |
| મકાઈ | ૩૩૦ | ૪૫૦ |
| મગ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૯૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૬૭ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ---- | ૧૨૫૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૨૦૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૩૫૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| **મહુવા** | | |
| શિંગ ઉનાળુ મગડી | ૧૫૭૦ | ૧૬૯૦ |
| શિંગ મીનાક્ષી નવી | ૧૪૫૦ | ૧૬૦૭ |
| શીંગ ગીરનારી | ૧૧૭૬ | ૧૪૦૦ |
| શિંગ જી-૨૦ | ૧૧૬૧ | ૧૩૨૨ |

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૪૦ | ૧૨૮૩ |
| જુવાર | ૪૦૦ | ૯૭૧ |
| બાજરી | ૩૧૫ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૬૨ |
| મકાઈ | ૩૮૧ | ૫૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૪૮ |
| મગ | ૧૨૫૦ | ૧૮૦૯ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૪ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૫૫૧ |
| તુવેર | ૯૧૦ | ૧૩૬૫ |
| જીરૂ | ૧૮૪૦ | ૩૨૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૨૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૧૦ |
| નાળીયેર | ૫૦૦ | ૨૬૬૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| તલ સફેદ | ૧૮૯૧ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૪૫૦ | ૩૩૯૩ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૮૦ |
| બાજરો | ૩૨૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૭૪ |
| જુવાર | ૪૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૪૨૫ | ૧૭૨૧ |
| તુવેર | ૬૦૦ | ૧૨૫૧ |
| ચણા | ૬૦૦ | ૧૦૫૭ |
| એરંડી | ૯૮૧ | ૯૮૧ |
| મેથી | ૧૦૮૧ | ૧૩૨૫ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૩૦ |



# નીટ, ઈંધણ બચત અને રોકડ વ્યવહાર પોથીમાંનાં રીગણાં !

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા

મેડિકલ, આયુર્વેદ, અને અન્ય સંબધિત કૉર્સમાં પ્રવેશ માટે લેવાતી નીટ-યુજી પરીક્ષાનો પેપર લીક થયો તેમ સમાચાર માધ્યમોમાં આવ્યું. સમાચાર માધ્યમોમાં 'ગેસ પેપર' શબ્દ પણ વારંવાર વપરાયો. પરંતુ દુર્ભાગ્યે આ બંને બાબતો વિરોધાભાસી છે. પહેલી વાત તો એ કે સમાચાર માધ્યમોએ 'ગેસ પેપર' શું તે જણાવવાનું કષ્ટ જ ન લીધું. ગેસ એટલે વાયુ પણ થાય અને અનુમાન પણ થાય. પરંતુ 'ગેસ પેપર' એટલે શું?

આ વખતે જે લાખો રૂપિયા દઈને ખરીદાયું તેને 'ગેસ પેપર' કહે છે એટલે કે એવો પેપર જે અનુમાનતઃ નીટ-યુજી પરીક્ષાનો હોવાનું કહીને વેચાયો, પરંતુ તે આખેઆખો પરીક્ષામાં પૂછાનાર પેપર જેવું નહોતો. તેમાંથી ૧૨૦ પ્રશ્નો પરીક્ષામાં ખરેખર પૂછાનાર પેપરના જ હતા. એટલે તેને 'ગેસ પેપર' કહે છે. આનો અર્થ એ છે કે મૂળ પેપર લીક થયો નથી. જો તેમ હોય તો બધે બધા પ્રશ્નો લીક થયેલા પેપરમાં હોવા જોઈએ.

જે રીતે ટ્યૂશન ક્લાસ કે કોચિંગ ક્લાસમાં ટેસ્ટ લેવાતી હોય છે અને પછી વર્ષાંતે બૉર્ડની પરીક્ષાની જેમ જ ટેસ્ટ લેવાતી હોય છે, શાળાઓમાં પણ બૉર્ડ પરીક્ષા પહેલાં પ્રિલિમ પરીક્ષા લેવાતી હોય છે, તેમાં અને બૉર્ડ પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો સમાન હોઈ શકે કારણકે આખરે તો પ્રશ્નો કાઢવાના પાઠ્યક્રમમાંથી જ છે. તે રીતે કોઈએ ધંધો કરવા માટે આ 'ગેસ પેપર' કાઢ્યો અને તેને 'નીટ-યુજી' પેપર તરીકે વેચી દીધો.

આ વિવાદ પરીક્ષા લેવાઈ ગઈ તે પછી થયો. પરંતુ આ પરીક્ષા તો ત્રણ મેએ લેવાઈ હતી. અને પેપર લીકના સમાચાર ૧૨મેએ આવ્યા. અર્થાત્ પરીક્ષા લેવાયા પછી વિદ્યાર્થીઓ અને કૉચિંગ નિષ્ણાતોએ જોયું અને પરીક્ષા પહેલાં જે સામગ્રી ફરી રહી હતી તેની સાથે સરખાવી ત્યારે ખબર પડી કે ૧૨૦ પ્રશ્નો એક સરખા છે. શરૂઆતમાં એનટીએએ તેને પેપર લીક કહેવાનું ટાળ્યું. પરંતુ તપાસ કરનાર સંસ્થાઓ પાસેથી માહિતી મળ્યા બાદ ૧૨ મેએ તેણે લેવાયેલી પરીક્ષા રદ કરી નાખી.

જેમ મોટા ભાગના કેસોમાં ચલકચલાણું થતું હોય છે તેમ આ કેસની તપાસ પણ સીબીઆઈને આપી દેવાઈ. રાજસ્થાન પોલીસના વિશેષ કાર્યવાહી જૂથ (એસઓજી)ના કહેવા પ્રમાણે, વૉટ્સઍપ પર 'પ્રાઈવેટ માફિયા' નામનું જૂથ ચાલતું હતું. જે લોકો પૈસા ભરે તેને જ તેમાં પ્રવેશ હતો. તેમાં ૪૦૦ પ્રશ્નોનું પેપર મૂકાયો. તપાસકર્તા પ્રમાણે, ૧૨૦ પ્રશ્નો સમાન હતા.

રાજસ્થાન પોલીસને શંકા છે કે પેપર મહારાષ્ટ્રથી લીક થયો છે. મહારાષ્ટ્રમાં નાશિકના ૩૦ વર્ષના મેડિકલ વિદ્યાર્થી શુભમ ખૈરનારની ધરપકડ કરવામાં આવી. તેના પર આરોપ છે કે તેણે પૂણેમાં એક સાગરિત પાસેથી પ્રશ્ન પત્ર ખરીદ્યો હતો અને તેની ડિજિટલ પ્રતિઓ બીજાને વહેંચી હતી. અધિકારીઓને શંકા છે કે પ્રશ્નપત્ર રૂ. દસ લાખમાં ખરીદાયો અને રૂ. પંદર લાખમાં વેચાયો. ઈન્ટરનેટ, સ્માર્ટ ફૉન અને વૉટ્સઍપ આવ્યા પછી તો આવા ચોરોને બખ્ખા છે. જો ભૌતિક રીતે વેચવાનું હોત તો તે રાતોરાત મહારાષ્ટ્ર બહાર પગ ન કરી શક્યું હોત, પરંતુ અહીં તો ડિજિટલ કૉપી જ પ્રસારિત કરવાની હતી. જોતજોતામાં મહારાષ્ટ્રથી રાજસ્થાન, કેરળમ્ (હંડ્રેડ પર્સેન્ટ લિટરસીવાળાં રાજ્યના વિદ્યાર્થીઓ પણ ખરીદે ખરા, હોં !), બિહાર (એ તો પરીક્ષા ચોરી માટે કુખ્યાત જ છે), ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને બીજાં રાજ્યોમાં પહોંચી ગયો.

**અનેક રાજ્યોમાં નીટ-યુજી પરીક્ષાનું 'ગેસ પેપર' પ્રસારિત થયું, લાખો રૂપિયામાં વિદ્યાર્થીઓએ ખરીદ્યાં, સામા પક્ષે પંજાબમાં સિનિયર આસિસ્ટન્ટ કમ ઇન્સ્પેક્ટરની અને ગ્રૂપ બીના અધિકારીઓની ભરતીની પરીક્ષામાં ગોટાળો ન્યાયાલય દ્વારા સરળતાથી જામીન ઈંધણ બચત અને યુપીઆઈ પેમેન્ટ ભ્રષ્ટાચાર અને કાળાં નાણાં સામેની લડાઈ 'પોથીમાંનાં રીગણાં' જેવી છે.**

'સબ કા સાથ સબ કા વિકાસ'માં લાગે છે કે હવે ભ્રષ્ટાચારીઓનો પણ વિકાસ થઈ રહ્યો છે કારણકે આ કૌભાંડમાં રાજસ્થાનના ભાજપના 'દેવ દુર્લભ કાર્યકર્તા' તરીકે ભાજપના નેતાઓ જે કાર્યકર્તાઓને કહે છે તેમાંના એક દિનેશ બિવાલનું અને તેના ભાઈ માંગીવાલ બિવાલનું પણ નામ છે. એમાં ના નહીં કે આ બે જણા કૌભાંડના મુખ્ય સૂત્રધાર નથી અને તેમણે પોતાના પરિવારનાં સંતાનો માટે પેપર ખરીદ્યો હતો. અને કેટલામાં ખરીદ્યો હતો પેપર ખબર છે? ૩૦ લાખ રૂપિયા માટે. એક કાર્યકર્તા પાસે ૩૦ લાખ ક્યાંથી આવ્યા? તે પણ તપાસ કરવી જોઈએ.

પછી તેમણે ખર્ચો કાઢવા બહારના કેટલાક લોકોને વેચી દીધું. એટલે તેમણે ગેસ પેપરને આગળ વધારવામાં અપરાધિક ભૂમિકા તો ભજવી જ છે.

અહીં વાત એ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની પણ કરવી જોઈએ જેમણે રૂ. બે લાખ અને રૂ. પાંચ લાખ આપીને પેપર ખરીદ્યા. શું આ રીતે તેઓ પોતાના સંતાનોને ડૉક્ટર બનાવવા માગે છે? આગળ જતાં કૉલેજમાં પણ આ રીતે જ પાસ થશે? આ રીતે પાસ થયેલા પોતાના જ સંતાનો આગળ તેઓ ઉપચાર કરાવવાનું પસંદ કરશે?

આ પેપર લીક પર આમ આદમી પક્ષ અને કૉંગ્રેસવાળા સ્વાભાવિક હોબાળો કરી રહ્યા છે. પરંતુ પંજાબમાં પણ સિનિયર આસિસ્ટન્ટ કમ ઈન્સ્પેક્ટર પદ માટેની પરીક્ષાનું પેપર લીક થાય છે, એ વાત અલગ છે કે પંજાબ અને હરિયાણા ઉચ્ચ ન્યાયાલય આ ઘટનાને પેપર લીક કે સમૂહમાં નકલ (માસ કૉપી) નથી ગણતું! અને જોવાની વાત એ છે કે ગૂગલમાં સર્ચ કરશો તો પંજાબ અને હરિયાણા હાઈ કૉર્ટે પેપર લીકના દાવા નકારી કાઢ્યા તે સમાચાર જ નીકળશે, પરંતુ આ આક્ષેપો કેમ થયા, કોણે કર્યા તેની વિગતોવાળા સમાચાર મળશે નહીં. આને કહેવાય અઘોષિત સેન્સરશિપ !

પંજાબ સરકારના વિવિધ વિભાગોમાં ગ્રૂપ બીના અધિકારીઓની નિમણૂક માટેની પરીક્ષાનું પેપર પણ ગયા વર્ષે લીક થયું હતું. ૪૦૦ પદો માટે ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના દિને લેવાયેલી આ પરીક્ષામાં પણ એક લાખ અભ્યર્થીઓ બેઠા હતા. આ વર્ષે ૯ જાન્યુઆરીએ તેનાં પરિણામો જાહેર થયાં ત્યારે જ્ઞાત થયું કે ઉત્તીર્ણ થનાર સો અભ્યર્થીઓ પૈકી ૨૨ તો માત્ર ભટિંડાના જ હતા. તેમાંય પાછું સગાવાદ ! શીર્ષ અભ્યર્થીઓમાં એક દંપતી હતું, બે સહોદર (ભાઈઓ/બહેનો/ભાઈ-બહેન) હતા અને બે પિતરાઈ હતા !

ફરિયાદમાં કહેવાયું હતું કે ઉત્તીર્ણ થનારાંમાંના કેટલાક અગાઉ પટવારી અને શ્રમ નિરીક્ષક માટેની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શક્યા નહોતાં, તો આમાં કેવી રીતે થયાં? આથી શંકા જાગી કે ભટિંડામાં પેપર લીક થયું હોવું જોઈએ કારણકે શિક્ષણ વિભાગના એક અધિકારીની પાસે પ્રશ્નપત્રો હતા. આઆપ સરકારે તપાસનો આદેશ આપ્યો છે. રાજસ્થાનની અશોક ગેહલોતની કૉંગ્રેસ સરકારમાં પંદર પેપર લીક થયા હતા. તે જ રીતે ગુજરાતમાં અને ઉત્તર પ્રદેશની ભાજપ સરકારોમાં પણ એકાધિક વાર પેપર લીક થયા છે, પણ સદ્ભાગ્યે પોલીસ અધિકારી હસમુખ પટેલને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (જીપીએસએસબી) અને લોક રક્ષક દળ ભરતી મંડળનો કાર્યભાર સોંપાયા પછી પેપર લીકનું પ્રમાણ ઘટી ગયું છે. ૨૦૨૪માં ગુજરાતની ભાજપ સરકાર પેપર લીક સામે કડક કાયદો પણ લાવી. તે હેઠળ પેપર લીક કરનાર કે ગેરરીતિ આચરનારને ત્રણથી દસ વર્ષનો કારાવાસ અને ઓછામાં ઓછો એક કરોડ રૂપિયાનો દંડ થઈ શકે છે. સંગઠિત અપરાધમાં સહભાગી સંસ્થાઓની સંપત્તિ જપ્ત થઈ શકે છે.

એટલે વિપક્ષોઆમાં વિરોધ કરે છે પરંતુ પોતાનાં રાજ્યોમાં પેપર લીક અથવા ભરતીઓમાં કૌભાંડો રોકી શકતાં નથી તેના કારણે તેમનો અવાજ બોદો બની જાય છે. જોકે તેનાથી આ સમસ્યાની સંવેદનશીલતા ઘટતી નથી. એ વાત અલગ છે કે વિપક્ષો નેપાળ અથવા બાંગ્લાદેશ પ્રમાણેનું યુવાનોનું ઉગ્ર અને હિંસક આંદોલન કરાવવા માગે છે જેમાં વડા પ્રધાનના નિવાસમાં યુવાનો ઘૂસી તેમને શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશની જેમ પદચ્યુત કરી દે. વડા પ્રધાન અને રાષ્ટ્રપતિને ભાગવું પડે. પરંતુ આ શક્ય બન્યું નથી, બનવાનું પણ નથી, કારણકે શાણા વિદ્યાર્થીઓ જાણે છે કે કોઈ પણ સરકાર આવશે જ્યાં સુધી પેપરની પ્રક્રિયા સાથે સંકળાયેલા લોકોમાંથી કોઈ એક વ્યક્તિ આડા રસ્તે પૈસા કમાવવા માટે પેપર ફોડી નાખશે ત્યાં સુધી તેને રોકવું અઘરું છે. પેપર લીક થાય પછી આરોપીઓને પકડવામાં આવે છે અને કાર્યવાહી તો શું અને કેવી કઠોર કરવામાં આવે છે તે બધા જાણે છે.

ભારત દેશમાં પેપર લીક જ નહીં, મોટા-મોટા અનેક અપરાધોના આરોપી-દોષિતોને કઠોર સજા થતી જ નથી. સલમાન ખાનના હિટ ઍન્ડ રનમાં કોઈ દોષિત સાબિત થયું નહીં, ૧૯૮૪નાં શીખોના નરસંહાર કેસોમાં સમયાંતરે સજ્જનકુમાર અને એચ કે. એલ. ભગત સામે કેસો ઉખળે છે અને પછી નિર્દોષતાનું પ્રમાણપત્ર મળી જાય છે. બૉફૉર્સથી માંડીને ઑગસ્ટા વેસ્ટલેન્ડ, નેશનલ હેરાલ્ડથી લઈને હરિયાણાનું ડીએલએફ કૌભાંડપમાત્ર આરોપો લાગ્યા, આક્ષેપો થયા. હવા બની. ચૂંટણીમાં કૉંગ્રેસની સત્તા ગઈ. આદર્શ કૌભાંડના આરોપી અશોક ચવ્હાણ તો હવે ભાજપમાં છે, મહારાષ્ટ્ર સિંચાઈ કૌભાંડના આરોપી અજિત પવાર હવે સ્વર્ગસ્થ છે, પરંતુ તેમણે એન. સી. પી.ને તોડી અલગ પક્ષ બનાવ્યો, ભાજપ સાથે રહી ઉપ મુખ્ય પ્રધાન પદ કક્ષાની સત્તા ભોગવી (નાની-મોટી સત્તા ભોગવી હોય તો પણ સમજાય). પ. બંગાળના શુભેન્દુ અધિકારી તો નારદ સ્ટિંગ ઑપરેશનમાં કેમેરા સામે લાંચ લેતા પકડાયા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૬માં આને પ. બંગાળની ચૂંટણીમાં મુદ્દો પણ બનાવ્યો હતો. આજે એ મુખ્ય પ્રધાન છે. બીજા પક્ષોમાં પણ આવું જ થાય છે.

ટૂંકમાં, સામેના પક્ષના નેતાઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કરવા, પછી તેમને પક્ષમાં લઈ લેવા અને તેમને ઉચ્ચ પદ આપી દેવાં એ દરેક પક્ષના વૉશિંગ મશીનની વિશેષતા છે. એટલે ભ્રષ્ટાચાર સામે કોઈ પણ પક્ષનો સ્વર હવે બોદો બની રહ્યો છે.

ન્યાયાલયથી લઈને રાજકીય પક્ષોપબધા જ માત્ર હોહા કરે છે. નીચલા ન્યાયાલયમાં આરોપી દોષિત સાબિત થાય છે, કડક સજા થાય છે એટલે એ ઉચ્ચ ન્યાયાલયમાં જાય છે, ત્યાં અથવા તો સર્વોચ્ચમાં તે કાં તો નિર્દોષ છૂટે છે અથવા તો તેને સરળતાથી જામીન મળી જાય છે. શું આ પણ એક મૉડસ ઑપરેન્ડી છે, આરોપી પાસેથી પૈસા મેળવવાની? આ પ્રશ્ન છે, વિધાન વાક્ય નથી. પરંતુ ન્યાયતંત્રમાંય યશવંત વર્મા બ્રાન્ડ ભ્રષ્ટાચાર છે જ. તેમની સામે શું કાર્યવાહી થઈ?

હવે તો અન્ના હઝારે કે રામદેવ જેવા કોઈ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કરે તો પણ કેટલા લોકો તેમાં જોડાય તે પ્રશ્ન છે કારણકે તેમાંથી નીકળેલી અરવિંદ કેજરીવાલ આણિ મંડળી સામે પણ દેખીતા ભ્રષ્ટાચારના નક્કર આક્ષેપો છે. ઈંધણની બચત, સોનાની ખરીદી ન કરવી, વિદેશ પ્રવાસ ન કરવા તેવી વડા પ્રધાનની સલાહ બુઠ્ઠી લાગે છે કારણકે જ્યારે આ સલાહ તેમણે આપી ત્યારે જ સોમનાથ અને પછી વડોદરામાં રૉડ શૉ અને જનસભાઓ થઈ હતી જેમાં સરકારી બસો ભરીભરીને લોકોએ ભાગ લીધો હતો અને ખરા પ્રવાસીઓ રઝળી પડ્યા હતા. પરોપદેશે પાણ્ડિત્યમ્ જેવું આ થયું.

જોકે આ સલાહ પછી તેમણે પોતાની વાહન શ્રૃંખલા ઘટાડી બે કારની કરી પરંતુ વડા પ્રધાન અને તેમાંય મોદી જેવી વ્યક્તિ જે ભારતના લોકોને અને બહારના દેશોને આંખમાં કણાની જેમ ખૂંચતા હોય ત્યારે આ રીતે નીકળે તો સરળ રીતે તેમને લક્ષ્ય બનાવી શકાય. એટલે આવો, 'લોકોની માગણી પર પાછો ખેંચી શકાય' તેવો ઉપાય કરવા કરતાં નક્કર પગલાં લેવાની આવશ્યકતા હતી. પેલા સાધુની વાર્તાની જેમ ગોળ ન ખાવાની સલાહ ત્યારે જ આપી શકાય જ્યારે તમે પોતે ગોળ ન ખાતા હો. વડા પ્રધાન તેલ ઓછું ખાવાની સલાહ આપી શકે કારણકે પોતે સાદો આહાર લે છે. પરંતુ ઈંધણની બચતમાં તેમનો સ્વર એટલો નાભિમાંથી નીકળેલો નથી જણાતો.

રોકડાના બદલે યુપીઆઈમાં વ્યવહાર વધ્યો છે તે સારી વાત છે અને મોદી સરકાર આનો જશ ખાટે તે ખોટું નથી, પરંતુ 'ઈકૉનૉમિક ટાઈમ્સ'ના રિપૉર્ટ પ્રમાણે, ગત ચૂંટણીના દિવસોમાં – એપ્રિલના પહેલા પખવાડિયામાં રોકડ નોટોનું પ્રમાણ રૂ. ૬૧૦ અબજ રૂપિયા વધી ગયું હતું અને કુલ રૂ. ૪૨.૩ કરોડ રૂપિયાએ પહોંચી ગયું હતું. વર્ષે તે ૧૧.૮ ટકાનો વધારો હતો અને નોટબંધી થઈ તે પછી આ સૌથી વધુ હતો. આનું કારણ પાંચ રાજ્યોની ચૂંટણી હતી. ગુજરાતમાં પણ આઆપનું હવાલા કૌભાંડ પકડાયું જ હતું. પાંચ રાજ્યોની ચૂંટણી દરમિયાન કુલ રૂ. ૧,૪૪૪ કરોડનું રોકડ નાણું અને અન્ય ભેટઉપહારો પકડાયાં હતાં. રૂ. ૧૮૩.૩૩ કરોડનો ૬૯.૮૮ લાખ લિટર દારૂ અને હવે તો રૂ. ૪૦૨.૮૨ કરોડનું ડ્રગ્સ પણ પકડાયું હતું. વિચાર કરો કે રાજકારણીઓ કઈ નિમ્ન કક્ષાએ ગયા છે કે તેઓ બંધાણી મતદારોને પ્રસન્ન કરવા ડ્રગ્સ પણ આપી રહ્યા છે. એટલે સામાન્ય વર્ગે યુપીઆઈથી વ્યવહાર કરવાનો, એક સીમાથી વધુ રોકડ નાણાં ઉપાડવા હોય તો પણ જાત-જાતના આધારપુરાવા આપવાના પરંતુ રાજકારણીઓને આવા કોઈ નિયમ લાગુ ન પડે !

અને એટલે જ રાજકારણીઓની સાંઠગાંઠથી પેપર લીકથી લઈને રૉડ અને પુલ, બૅન્ક વગેરે અનેક કૌભાંડો થતાં રહે છે. ■ jaywant.pandya@gmail.com

# લીડર – લીડીંગ ફ્રોમ ધ ફ્રન્ટ....

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

કોઈપણ દેશનો કપરો સમય દેશના દરેક તબકાના નાગરિક વર્ગની કસોટી છે. મહાજનથી લઈને મજૂર, રાજનેતાથી લઈને સામાન્ય નાગરિક સુધી દરેક વર્ગનું યથાશક્તિ યોગદાન આવા સમયે દેશ માટે જરૂરી થઈ પડે છે. આખા દેશ પર આવી પડેલ આપત્તિ દેશના નાગરિકશિસ્ત, સમૂહવર્તનની સભ્યતા, અને ખમીરની પરીક્ષા કરે છે. જો પ્રજા શિસ્તબધ્ધ રીતે દેશકાળની માંગ પ્રમાણે વર્તે તો મોટામાં મોટી આફત સામે દેશ પાર ઉતરી શકે છે. ખુબ ટૂંકા સમયમાં બબ્બે વિશ્વયુધ્ધ લડીને ખુવાર થઈ ગયેલા ઈંગ્લેન્ડની પ્રજાએ ઈંગ્લેન્ડને બેઠું કર્યું. એ વિશ્વયુધ્ધની વિજેતા પ્રજા હતી એ વાતનું ગૌરવ છાતીમાં લઈને ઘરઆંગણાની દરેક મુસીબતોનો સામનો ધૈર્ય, હિંમત અને સાહસિકતાથી કર્યો, અને પાર ઉતર્યા. ઈંગ્લેન્ડ પાસે વિન્સ્ટન ચર્ચિલ જેવું નેતૃત્વ હતું. ચર્ચીલે જનતાને તેમના ભાષણો દ્વારા પ્રેરિત કરી. તેમની અપીલનો મુખ્ય ભાવ લોહી, મહેનત, આંસુ અને પરસેવા થકી સંઘર્ષનો સમય પસાર કરવાનો હતો. જનતાએ ચર્ચિલ અને સરકાર દ્વારા દેશમાં અછત ધરાવતી ચીજ વસ્તુઓના રાશનિંગના નિયમોનું પાલન કરવા માટે લોકોને અપીલ કરી, જે વસ્તુઓ વપરાશમાંથી બાદ કે ઓછી કરી શકાય તેમ હોય એ ઓછી વાપરવાની સલાહ આપી. પ્રજાએ સરકારની અપીલને ઉલટભેર સહકાર આપ્યો અને વસ્તુ ઓછી વાપરવી તો ઠીક પણ ઘરમાં જે વસ્તુઓ વધારે હતી એ પરત કરવા લાઈનો લગાવી દીધી.

વડાપ્રધાન મોદીએ ઈરાન અમેરિકા ઈઝરાયેલ યુધ્ધને લઈને ઉભી થયેલ ઈંધણ અછતની સમસ્યાને લઈને પ્રજાને થોડી અપીલો કરી છે કે જેમ કે એક વર્ષ સુધી સોનાની ખરીદી ટાળો, બને તેમ ઈંધણનો વપરાશ ઓછો કરો, વિદેશ પ્રવાસને બદલે ભારતમાં જ ફરવાનો આગ્રહ રાખો, અને લીડીંગ ફ્રોમ ધ ફ્રન્ટ, એમણે પોતાના કાફલાની ગાડીઓની સંખ્યા ઘટાડીને બે કરી નાખી છે અને બીજા નેતાઓને પણ તેમ અનુસરણ કરવા અપીલ કરી છે. એક અરબી કહેવત છે કે 'કારવાંની ગતિ કારવાંનો સૌથી છેલ્લે ચાલતો માણસ નક્કી કરે છે. ' કારવાંનો નેતા ' અમીરે કારવાં ' કહેવાય છે, જેણે કારવાંના દરેક આદમીને સાથે લઈને ચાલવાનું હોય છે. કારવાંને મંઝીલ સુધી લઈ જવો એ 'અમીરે કારવાં' ની જવાબદારી હોય છે. કારવાંના નિયમો જે બધા માટે હોય એ એણે પણ પાળવા પડે છે અને કાફિલાના નિયમો તેમાં ચાલતા અદના આદમીને ધ્યાને રાખીને ઘડવામાં આવે છે. જે કાયદા ઘડે છે એનું પાલન કરવું એ પ્રથમ જવાબદારી ઘડનાર ખુદની છે. જે નિયમો પ્રજા માટે ઘડવામાં આવે છે એનું પાલન નેતાએ પણ કરવાનું હોય જ છે કારણકે લીડર આગળ ચાલે છે અને પ્રજાએ એની પાછળ ચાલવાનું હોય છે. એ આગળ ચાલીને પ્રજાને એનું અનુસરણ કરવા પ્રેરે છે. જેવું તેનું આચરણ હશે તેવું જ આચરણ એને અનુસરતા સમૂહનું રહેશે, એટલે જાહેરજીવનમાં પડેલા દરેક રાજકીય, સામાજિક આગેવાનની એ ફરજ છે કે એના દ્વારા કોઈ એવું વર્તન, વિધાન કે આચરણ ન થાય જેને લઈને સમાજ જીવનની શાંતિ અને સલામતી જોખમાય. એટલે આપણે ત્યાં સંસ્કૃત ઉક્તિ ખુબ વપરાય છે કે 'યથા રાજા તથા પ્રજા.' અને રાજા માટે સૌથી ઉંચો રાજધર્મ છે અને રાજાએ એનું પાલન કરવાનું છે. કદ ધરાવતા લીડરનો અવાજ એકસો બે ડીગ્રી ઉષ્ણતામાન લઈને ગળામાંથી બહાર ફેંકાય છે. લીડર ઘાઘરાની પાછળ સંતાઈને ફાયરીંગ નથી કરતો. લીડર જે હાથીની જેમ આગળ ચાલે છે, લીડર જે સિંહની અદાથી દોરવણી આપે છે. લીડર જે પ્રજાના પ્રશ્નો, પીડા, સુખદુઃખ પર બાજની જેમ નજર રાખે છે. મુશ્કેલીના સમયમાં જે દોઢસો ટકા જુસ્સા અને બસ્સો ટકા ક્ષમતાથી કામ કરે છે અને કરાવે છે.

સમાજશાસ્ત્રી મેક્સ વેબરે પોતાના નિબંધ 'ધ વોકેશન ટુ પોલીટીક્સ' માં નેતાની ત્રણ મુખ્ય વિશેષતાઓ કહી છે (૧) ઉન્માદ (પેશન), (૨) ઉતરદાયિત્વની ભાવના અને (૩) પાકો નિર્ણય. આગળ મેક્સ વેબર લખે છે કે એક અસંભવ વિરોધીતા નેતા માટે મોટામાં મોટી ચેલેન્જ છે. શુ છે એ વિરોધીતા ? પહેલું, ધ્યેય માટે ધગધગતો ઉન્માદ અને બીજું એ ઉન્માદ વચ્ચે નિર્ણયો લઈ શકવા માટે ઠંડુ બરફ જેવું દિમાગ, બધા નેતા પાસે આ નથી હોતું. ખુરશી માટે હવાતિયા નાખતા અર્ધશિક્ષિત, અર્ધદીક્ષિત નેતાઓ આ વિરોધીતામાં ફસાઈ ગયેલા હોય છે.

કોઈપણ મોટા રાષ્ટ્રવ્યાપી પડકારને પહોચી વળવા માટે સામુદાયિક પ્રયાસનું બળ જરૂરી છે. સમસ્યા સામે લડવા માટે જનતા, સંસ્થા, સમૂહ, પક્ષ, કે વિપક્ષનો જેટલો મોટો તબકો સામેલ થાય, સમસ્યાનું તેટલુ સુચારુ અને ઝડપી નિરાકરણ આવવાની સંભાવનાઓ વધી જાય છે. આ સમયેના ક્યાંયેથી પણ સરકારના પગલાઓ અને નીતિઓનો વિરોધ કે તેમાં અસહકાર એ પગલાઓ અને નીતિઓને તેટલા અંશે નિષ્ફળ બનાવે છે, પરિણામે સમસ્યા સામેની લડાઈ લાંબી ચાલે છે અને અસર થતા વર્ગનું પ્રમાણ બહોળું થઈ જાય છે. ભારત જેવડા મોટા અને બહુવિધ દેશમાં આવડો વ્યાપક સહકાર મેળવવો સંભવ નથી. અંગત કે સામુહિક અહિત કરીને પણ પોતાની માન્યતાઓ અને વિરોધને વળગી રહેનાર વર્ગની સક્રિયતા એક અલગ પડકાર બની રહે છે. દરેક વ્યક્તિ અને સંસ્થાનો સહકાર આવશ્યક છે.

ક્વિક નોટ -- કેમ્બ્રિજ ડીક્ષનરીમાં લીડરની વ્યાખ્યા છે 'એ વ્યક્તિ જે કોઈ જૂથ, દેશ કે સ્થિતિ પર કાબૂ ધરાવે છે,'. અમેરિકન ડીક્ષનરીમાં વ્યાખ્યા છે 'એ વ્યક્તિ જે પોતાની ક્ષમતા અને હોદ્દાની રુએ જનતા પર પ્રભાવ અને અંકુશ ધરાવે છે.' ધંધાદારી ડીક્ષનરીમાં વ્યાખ્યા છે કે 'એ કંપની કે પ્રોડક્ટ, જે પોતાના હરીફ કરતા વધુ વેંચાય છે.' બજારમાં વધુ વેચાતી બ્રાંડ અને રાજકારણમાં પ્રજા વચ્ચે વધુ પસંદ થતી વ્યક્તિ લીડર છે. ■

production@infiniumpharmachem.com

# માણસ કેમ દોડ્યે રાખે છે ?

**હાસ્યાય નમઃ**



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)ઘરના જ ઘાતકી થાય તો શું કરવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

એને એવા થવાની ના પાડો.

(૨)બગાસું ખાઈ શકાતું નથી છતાં બગાસું ખાધું એવું કેમ લોકો બોલે છે?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)

મોં પાસેથી પસાર થાય એ બધું ટેકનિકલી ખાધું જ કહેવાય. દા.ત. છીંક, ઉધરસ, ખોંખારો, ઓડકાર, બગાસું વગેરે.

(૩)એવો કયો પ્રશ્ન હોયછે કે જેનો જવાબ શક્ય ના હોય?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

આ.

(૪)સાહેબ..! ચટપટુ ક્યારે ખવાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

જીવનમાં કંઈક અટપટું બને ત્યારે.

(૫) સાહેબ..! ગીરનાર ઉપરથી તમારું ઘર દેખાય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

હા, તમે અવળી બાજુએ ફાંફા મારતા હતા એટલે ન દેખાયું હોય.

(૬)સાહેબ..! શું કાગડો બોલે એટલે મહેમાન આવે જ?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

હા, પણ એમાં કાગડાનો કાંઈ વાંક ન કહેવાય એટલે એને ઉડાડી ન મૂકતા.

(૭)ચૂંટણીમાં સાંભા હારી જાય એ તો સમજ્યા; પણ ખુદ 'ગબ્બર' કેમ હારી જતા હશે ?

કનુભાઈ પરમાર (દામનગર)

સાંભાને જીતાડવાના ચક્કરમાં.

(૮) સળગતો સવાલ કેવો હોય?

દર્શન પટેલ (વડોદરા)

આવો.

(૯)તમારામાં આટલી બધી ટેલેન્ટ આવી ક્યાંથી?

જગદીશભાઈ પટેલ (અમદાવાદ)

તમારી ખોવાઈ ગઈ લાગે છે!

(૧૦)તું હૈ તો દિલ ધડકતા હૈં તમારે ક્યારેય આવું થાય છે?

જય દવે (ભાવનગર)

શેરીમાં કૂતરું બેઠું હોય ત્યારે મને આવું જ થયા કરે છે.

(૧૧)તમને અમે સવાલ પૂછીએ ત્યારે ક્યારેક તો તમે અમને સામો સવાલ કરો છો. એવું કેમ ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ક્યારે સામો સવાલ પૂછ્યો?

(૧૨)મને બોર બહુ ભાવે છે પણ ઠળિયો ગળી જવાની બીક લાગે છે તો શું કરવું?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ગળામાં જાળી ફિટ કરાવી દો.

(૧૩) મારાં ઘરમાં બધાને અલગ અલગ શાક ખાવા જોઈએ છે. રોજ કયું શાક બનાવવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

તમારા ઘરમાં ઈ. વી. એમ. વસાવી લો. જેને વધારે મત મળે એ શાક બનાવો.

(૧૪)ધીરજથી જીવન મહેકે તે સાચું છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

ધીરજ તો એમ કહેતો હતો કે જીવનને હું ઓળખતો પણ નથી.

(૧૫)માણસ કેમ દોડ્યે રાખે છે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

બધા પેલું ગીત સાંભળી મોટા થયા છે. રમેશભાઈ દોડો..મુકેશભાઈ દોડો..ઈલાબેન દોડો.. શીલાબેન દોડો! ■ **નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**



# ઘરમાં સમસ્યા હોય તો બાળકોને એની પૂરી ખબર હોય છે

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

કેટલાક લોકો હજી પણ બાળકોને બાળક માનવાની ભૂલ કરે છે. આજના તમામ બાળકો અગાઉની પેઢીનાં બાળકો કરતાં અનેકગણા બુધ્ધિશાળી છે. આ વાત આમ તો સહુ જાણે છે પણ પછી ભુલી જાય છે. દાંપત્યજીવનમાં પતિ અને પત્નિ વચ્ચે મનમેળ ન હોય તો બાળકોને એનો પૂરેપૂરો લાભ લેતા આવડતો હોય છે. આજે જે લોકો ભણી ગણીને પુખ્ત થયા પછી પણ નોકરી કરી શકતા નથી, પોતાની કમાણી કરતા નથી તેવા લોકોના બાળ જીવનના વરસો બહુ તંગદિલીમાં પસાર થયા હોય છે. આપણે ત્યાં ઘણાં દંપતી છે કે જેમાં બેમાંથી એકનો સ્વભાવ બહુ જ ટકટક કરવાનો હોય છે.

એને કારણે ઘરનું વાતાવરણ ડહોળાય છે. થોડીવાર થાય ને પત્નિ કહે કે તમે ફરી આ જુનો શર્ટ કેમ પહેર્યો ? અથવા તો હું ત્રણ દિવસથી કહું છું તો તમે કોલગેટ લાવવાનું કેમ ભૂલી જાઓ છો? જાવ, અત્યારે ને અત્યારે લઈ આવો. અથવા તો તમને બટેટા ભાવે એટલે શું મારે રોજ બટેટાનું શાક કરવું એમ? આ કંઈ હોટેલ છે હેં ? આ બધી વાતો આમ તો વાસણ ખખડવાની વાત છે પણ આવા ખખડાટ બાળકોના ભવિષ્યને બરબાદ કરી મૂકે છે. બાળકોને પણ બીજાઓનું અપમાન કરવાની ટેવ પડે છે.

જે સ્ત્રીઓને પોતાના પતિદેવની નિંદા કરવાની ટેવ હોય એના ઘરના દરેક પ્રસંગો ક્લેશ યુક્ત બની જાય છે અને એના પડઘા બૃહદ પરિવારમાં પણ પડે છે. શુભ અવસરોએ પણ આ ક્લેશ સપાટી પર આવે છે ને જગતને એની ઝાંખી જોવા મળે છે. તળિયાની વાત નળિયે પહોંચતા વાર લાગતી નથી. આમાં માત્ર એમ નથી કે સ્ત્રીઓને જ આવી ટેવ છે. ગુજરાતી પ્રજામાં પોતાની પત્નિને 'અરે તને કંઈ બુધ્ધિ છે કે નહિ ?' એવું એક પણ વાર ન બોલ્યો હોય તેવો પુરૂષ ત્રિલોકમાં દુર્લભ અને સાક્ષાત શિવસ્વરૂપ તથા વંદનીય છે...! પરૂષોને પણ પત્ની સાથે જાહેરમાં રકઝક કરતા સમાજે જોયા છે. જો જાહેરમાં પણ તેઓ સદવર્તન ન કરી શકતા હોય તો તેમના પરિવારના યાતનામય દિવસોનો માત્ર અંદાજ બાંધવાનો રહે. છતાં દુનિયા બધું ભુલી જવાની હોય છે પરતું ઘરના કેન્દ્રમાં રહેલા સંતાનો એ ઘટનાઓને કદી વીસરી શકતા નથી. એ ઘટનાઓ એમની જિંદગીમાં પડછાયાની જેમ સાથે રહે છે અને એમના મનને વિષાદથી ભરી દે છે.

**સ્વની ઓળખ વિના પ્રેમ ક્યાં ? બધું જ 'નથી' માંથી 'છે'માં રૂપાંતર કરવાના મોહમાં સ્વયંની હયાતીનો બહુ લોપ થઈ ગયો છે.**

આપણા દેશમાં તો આત્મકથા લખવાનો બહુ રિવાજ નથી. બહુ ઓછા લોકોએ આત્મકથા લખી છે. પરંતુ પશ્ચિમના દેશોમાં તો હજારો લોકોએ આત્મકથા લખી છે. અરે એમાં કેટલાક તો સામાન્ય લોકો પણ છે પરંતુ તેમની જિંદગી બહુ અસામાન્ય હોય છે. તેમાં તેઓ તેમના માતા અને પિતા વચ્ચેના સ્નેહસંબંધ પર તો ખાસ લખે છે. કારણ કે એનો એમની વ્યક્તિગત જિંદગી પર ઊંડો પ્રભાવ પડ્યો હોય છે. જે દંપતી પ્રસન્ન જિંદગી જીવ્યા હોય એમના સંતાનો બહુ સુખી જીવન જીવતા હોય છે. કારણ કે પ્રસન્ન માતા-પિતાના જીવનમાંથી જ સંતાનોને સુખની સો ગુરુચાવીઓ મળી રહે છે. પ્રસન્ન દંપતીના છાંયે ઉછરેલા શિશુઓ જ આગળ જતાં મહાપુરૂષો બને છે. જે ઘરમાં બેજણને એકબીજાની માયા ન હોય એ ઘર કંઈ ઘર ન કહેવાય, એ તો મકાન જ ગણાય. આમ પણ વિષ્ણુ પુરાણ તો કહે જ છે કે જે ઘરમાં પતિ અને પત્નિ પરસ્પરનું સન્માન જાળવતા ન હોય એ ઘરમાંથી લક્ષ્મી દોટ મૂકીને ભાગે છે. એવા પરિવારોની માથે નિર્ધનતા તલવારની જેમ લટકતી હોય છે. જે દંપતીને જિંદગીની કિંમત ન હોય એને એકબીજાની તો શું મરજાદ હોય ? એક એક દિવસ સોનાનો છે અને પ્રેમભર્યા સહજીવનમાં તો એકે એક દિવસ સાત સોનાનો હોય છે. આખા દિવસમાં બે સારા વેણ બોલી ન શકાય તો કંઈ નહિ, જીવનસાથી હતોત્સાહ થાય એવું કંઈ બોલાય નહિ. પરંતુ આટલી ભાન આવતા કેટલાકને તો ચાર-પાંચ દાયકાઓ વીતી જાય છે અને કેટલાક તો એવા ને એટલા અભિમાની હોય છે કે સાત ભવે પણ એમના દામ્પત્યમાં વિવેક પ્રવેશતો નથી. ■

# તે પછી, અમારે મામલતદાર ઓફિસનું કામ તો કોઈ દિવસ ખૂટે એમ જ નથી






ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

તે પછી, અમારે મામલતદાર ઓફિસનું કામ તો કોઈ દિવસ ખૂટે એમ જ નથી, એમાં પણ મારા ભાગે તો પુરવઠા વિભાગનું ટેબલ આવ્યું છે. જો ને, સામાન્ય પબ્લિકથી માંડીને મોટા મોટા વેપારીઓનાં કામ... અને તે બધાને સાચવવા રહ્યા...'' રણમલે ખરેખર અત્યારની પોતાની હૈયાવરાળ બહાર કાઢતા હકીકત કહી. આમ, આવી સામાન્ય વાતચીત ચાલતી હતી ત્યાં તો બા ચા લઈને આવ્યા, એટલે તો દામલ-રણમલની વચ્ચે થતી વાતચીત બંધ થઈ ગઈ. બા એ ચા ના કપ બંનેના હાથમાં પકડાવી દીધા, ત્યાં તો રણમલ બોલ્યો:

''બા..., આજનો દિવસ કેટલો બધો શુકનવંતો સાબિત થયો છે કે, આજ જોઈએ તો ઓચિંતા જ અમે બંને ભાઈબંધ એકબીજાને મળી ગયા. મને તો ખૂબ જ ખુશી થઈ છે. હવે પછી ફરી ક્યારે મળીશું તેનું કંઈ નક્કી ન કહેવાય. આજે મારે પણ બીજું કંઈ કામ નથી, બસ નિરાંતે વાતો કરવાનો અવસર મળ્યો છે. એવું લાગશે તો સાથે સાથે ગામમાં ચક્કર પણ મારીશું...''

''એ તો ખૂબ સારું, સાચી ભાઈ-બંધી કોને કહેવાય? એક વાત તમને બંનેને કહું છું : તમે બંને બાળપણથી પાકા દોસ્તાર છો. તમારી બંનેની દોસ્તી છેલ્લે સુધી આવી ને આવી ટકી રહે તેવી પ્રાર્થના મેં ઠાકોરજીને આજે જ કરી...'' અનેરા ભાવ સાથે બા એ સાચું કહ્યું.

''બા..., અમારી મિત્રતા સ્વાર્થ વગરની અને માત્ર હૃદયની શુદ્ધ ભાવનાની છે. દિલને સાવ ખુલ્લું રાખીને અમે નિર્દોષ ભાવે એકબીજાની સાવ જ અંગત વાતો પણ બિન્દાસ થઈને કરીએ છીએ. આમ કરવાથી અમને બંનેને ખૂબ આનંદ મળે છે. અને વળી સાથે સાથે હરવા-ફરવામાં પણ અમે ખૂબ ખૂબ મજા કરીએ છીએ...'' ખુશ થઈને રણમલ બોલ્યો.

''સાચું સુખ એ જ છે બેટા, તમારા બંનેની આટલી બધી ખુશી જોઈને મને પણ ખૂબ આનંદ થાય છે... સાથે સાથે ગર્વ પણ થાય છે. અને રણમલ હવે તું સાંભળ : આજે તારે અહીં આ ઘરે દામલ સાથે સાથે જમવાનું છે. આમેય ઘણા સમયથી તમે બંને સાથે જમ્યા નથી, એટલે સાથે સંગાથે જમશો તો મને ખૂબ આનંદ થશે, બસ..., હવે તમે બંને પેટ-ભરીને વાતો કરો, હું તો રસોડામાં જાઉં છું...'' બા એ આટલું કહી પછી રસોડા તરફ ચાલવા માંડ્યું. ત્યાં તો દામલ જરા મોટા અવાજે બોલ્યો :

''આ ખૂબ સારું કર્યું બા, તમે અગાઉથી જાણ તો કરી દીધી, નહિતર મને તો યાદ પણ ન આવે કે રણમલને જમવા માટે રોકી લઉં; અરે હા રણમલ..., બા એ કહ્યું તે તો તેં સાંભળ્યું ને? બા રસોઈ બનાવવા ગયા છે. તારું જમવાનું પાકું છે માટે હવે એક શબ્દ પણ ન બોલતો...'' હામલે રણમલ સામે જોઈ કહ્યું, એટલે રણમલે પણ પૂછ્યું: ''રસોઈ બનતા એક કલાક તો થશે ને...?'' ''હા, એટલો સમય તો લાગશે જ...'' બા બોલ્યાં.

''તો પછી અમે બંને થોડીવાર ગામમાં ચક્કર મારીએ તો?'' રણમલ બોલ્યો.

''મારે તમારું ક્યાં કંઈ કામ છે? તમે જાવ પણ વહેલાસર આવી જજો.'' બાએ કહ્યું.

બા આવું બોલ્યાં એટલે રણમલ હિંડોળા પરથી નીચે ઉતર્યો... એ સાથે હામલ પણ ઉતર્યો. પછી ઓસરીનાં પગથિયાં ઉતરી બંનેએ ચંપલ પહેર્યાં. અને સીધા જ ડેલી બહાર નીકળી ગયા. ચાલીને પહેલાં તો સીધા જ પાનના ગલ્લે પહોંચ્યા. હામલે પાન-મસાલાનો ઓર્ડર આપ્યો. રણમલે ખુશ થઈને આજે પાન ખાધું. હામલે માવાને ખૂબ ચોળી પછી મોઢામાં મૂક્યો.

હવે ગલ્લા પરથી નીકળીને તેઓ ભૂતનાથ મહાદેવના મંદિર તરફ જવાના રસ્તે ચડ્યા. ચાલતાં ચાલતાં દામલે એમ જ વાત કરી: ''રણમલ, તને એક વાત કહું?''

''મને વાત કરવી હોય તો રજા લેવાની ન હોય. ઝટ કરતું ફટાફટ બોલવા જ મંડાય'' રણમલે આવું કહ્યું. એટલે તરત જ દામલ બોલ્યો: ''આ સાલી જિંદગી જીવવી મને તો હવે ખૂબ જ અઘરી લાગે છે. બધું મને તો દગાખોર લાગે છે, બધું જ પ્રપંચોથી છલકાતું દેખાય છે. સાચું કહું તો જ્યોતિ પાસેથી મને પહેલો દગો મળ્યો છે. એમાં એનો કોઈ વાંક કે ગુનો નથી, પરંતુ હું તો છેતરાયો જ ને? જેને હું મારી જિંદગી માનતો હતો, જેને હું મારો જીવ માનતો, જેને હું મારો શ્વાસ ગણતો... તે મારી ન થઈ. તેની પાસે હું છેતરાઈ ગયો. આવું થતાં હવે મારા બધા વિચારો તદ્દન ફરી ગયા છે. મારી તીવ્ર લાગણીઓ સાવ બુઠ્ઠી થઈ ગઈ છે.'' હામલે તેના મનની સ્થિતિ વિશે આવું કહ્યું. એટલે થોડી ખીજ સાથે રણમલ બોલ્યો :

''સાલા..., આટલા સમય પછી પણ હજી તને એ જ્યોતિ જ યાદ આવે છે? તું તે કેવો છે? હજી પણ તેને ભૂલી નથી શકતો? આ સારું ન કહેવાય. જો તો તારાં લગ્ન પણ થઈ ગયાં છે. અને લગ્નને બે-અઢી વર્ષ થઈ ગયા હોવાછતાં...''

''છતાંપણ જ્યોતિને કેમ ભૂલવી? એને તો હું ભૂલી જ ન શકું. અને તેને ન ભૂલવાનું પણ એક કારણ છે...'' દામલે કહ્યું. એટલે રણમલે તરત જ પૂછ્યું: (ક્રમશઃ) ■

# સૂર્યદેવના તેજસ્વી કિરણો ગંગાનદીના ધીંગા પ્રવાહમાં પડીને પરાવર્તિત થઈ રહ્યા હતા




સૂર્યદેવ ના તેજસ્વી કિરણો ગંગાનદીના ધીંગા પ્રવાહમાં પડીને પરાવર્તિત થઈ રહ્યા હતા. વાતાવરણમાં નકરો ઉત્સાહ અને આનંદ વરતાતો હતો. વહેતી ગંગા નદીના ખળખળ વહેતા પ્રવાહમાં કાંઠે ઊભેલા ભાવિક ભક્ત જના'હર હર ગંગે.. જય જય ગંગે...હે માં ગંગા...' કરતા શ્રધ્ધા સાગરમાં. ડૂબકી મારીને પાવન થઈ રહ્યા હતા.જાણે ધરતી ઉપરના સ્વર્ગ સમી હરદ્વારની ભૂમિ ઉપર આવીને સૌ કોઈ પરમ આનંદ અને દિવ્ય ચેતના ની અનુભૂતિ કરી રહ્યા હતા.

ગંગાના કાંઠે કાંઠે આવેલા. પ્રત્યેક ઘાટ ઉપર ભાવિક ભક્તજનોની ભીડ હતી અને હજી હરદ્વારમાં આવેલી નાની મોટી ધર્મશાળાઓ અને હોટલો માંથી ભાવિકો ગંગામૈયાના પવિત્ર પ્રવાહમાં સ્નાન કરી પાવન થવા ભાવિકોનો પ્રવાહ આવી જ રહ્યો હતો.

ઘાટ ઉપર મંદ. મંદ શીતલ પવન વાઈ રહ્યો હતો. ગંગાનંદીનો વહેતો પ્રવાહ કલકલ કરતો વહેતો મધુર નિનાદ કરી રહ્યો હતો. આઘે આઘે ઊભેલા. પહાડોની સુંદરતા ઘેરી વળી હતી. જિંદગીનો થાક ઉતરી જાય એવું પરમ શ્રદ્ધેય સ્થાનક હતું. ઘાટ ઉપરના પગથિયે બેસીએ અને બસ આમજ જિંદગી પસાર થઈ જાય,મન તો એમ જ ઝંખતું હતું. પણ હવે ઘણો સમય પસાર થઈ ગયો. હવે જવું જોઈએ..એમ વિચારીને ફરી એક વાર ડૂબકી મારીને આનંદ ઉભો થયો અને ઉતારા તરફ જવા તૈયાર થયો..પણ ગંગાનદીનું ખેંચાણ જ અલૌકિક હતું .દૂર જવા દેતું ન હતું.!

આનંદ ઘાટના પગથિયાં ચડી રહ્યો હતો. ચારેકોર 'હર હર ગંગે... હર હર ગંગે... 'ના પવિત્ર ઘોષ થતા હતા. માનવી ઉમટી પડયું હતું.

કે, અચાનક એ ચમક્યો. અરે ??? આ હું શું જોઈ રહ્યો છું? એ? અહીં?? અત્યારે???..

- ના ના..એ ના હોય.!

એ અહીંયા કઈ રીતે હોય? અને વચ્ચે આટલા વરસો પણ ચાલ્યા ગયા..ના! ના! ના!!

- પણ ના- આનંદ સ્થિર થઈ ગયો.

એ જ છે કે શું?..

- પહેલા તો થયું કે ભ્રમ! પણ ના! ભ્રમ નહોતો. આ વાસ્તવિકતા હતી કદાચ!

હા, ધોળા દિવસે આંખો જે જોઈ રહી હતી તેને ભ્રમ કેમ. કહેવો?આ કાંઈ સપનું તો નહોતું.જે હતું એ સત્ય શું હતું.

.....નમણું મુખારવિંદ તો એ જ હતું. નમણું,ઘાટીલું, રૂપાળું ..!!એ મુખડાને તો કેમ ભૂલી જ શકાય? જે મુખડાની તો તેને માયા લાગી હતી. પણ આટલા વરસો પછી ય એ મુખડું એવું ને એવું જ હોય ? .. તેણે. મન ને પૂછ્યું. તો મન કહેવા લાગ્યું. તારા મનમાં જે છાપ પડી છે એ છાપ હજી આટલા વરસે એવી જ લાગે ભલે ને વરસો વીતી જાય..! એ છાપ કદી પણ ના ભૂંસાય.એટલે . તેણે મગજ ને પૂછ્યું.મગજ બોલ્યું કે ગાંડો થઈ ગયો છો કે શું??! મૂંઝવણમાં ને.મૂંઝવણમાં એ ચકરી.ખાઈ ગયો. તેને થયું કે ક્યાંક પડી જઈશ!

પેલું નમણું મુખડું તેની પાસેથી જ અડતું અડતું પસાર થઈ ગયું. એક ચિર પરિચિત શરીરની ગંધ તેને ઘેરી વળી અને એ.ચમકી ઊઠ્યો.અરે,આ સુગંધ તો...એની જ!!

એ ભીના વસ્ત્રે જ ઘાટના પગથિયાં ચડતો ચડતો ઊભો રહી ગયો. પેલી સ્ત્રી ને કશી જ ખબર નહોતી. એ અર્ધનિમલિત નેત્રે, નીચી નજરે ધીરે ધીરે ઘાટના પગથિયાં ઉતરી રહી હતી. એની બાજુમાં પણ બીજી બેત્રણ સ્ત્રીઓ હતી. જે તેની સાથે હતી..! એ પણ મંદ મંથર ગતિએ જ સાવ મૌન રહીને જાણે એકમેકના. આંખોના ઈશારા પારખીને ઘાટના પગથિયાં ઉતરી રહી. ના, એ નજર તો નીચી હતી.ખાલી જમીન જ જોતી હતી..!ચાલતા પગલાં ,જે ગતિએ પગથિયાં ઉતરી રહ્યા હતા, એ ગતિ તો કદાચ એની જ!

એ કમરનો એ વળાંક, એ શરીર નું ડોલન, એ શરીર નો લય અને એ પ્રત્યેક વળાંકો..તો એ જ હતા.!

આનંદ ખળભળી ઉઠયો.

સામસામે બે શરીર હતા.એક શરીર પગથિયાં ચડતું હતું,એક શરીર પગથિયાં ઉતરી રહ્યું હતું!

આ એજ ગતિ, લય અને આરોહ અવરોહ હતાં. જે હતી, એક વખતની પરિચિત થઈ ચૂકેલી ચાલ ના , કે જે એણે સપ્તેશ્વરની ડુંગરમાળા ઉપર આવેલા આશાપુરા મંદિરે દર્શન કરવા એકવાર સાથે ગયેલા, અને જેને પાછળ રહીને હાથની બન્ને ચપટીમાં ઘેરવાળા ઘાઘરાને પકડીને પગથિયાં ઉતરી રહી હતી એ પગની ઠેકને, તાલને, લયને, આરોહને અને અવરોહને તેણે મન ભરીને માણ્યા હતા.

વરસો પહેલાંની એ યાદગાર ઘટનાની ભેખડો એકસામટી તૂટી પડી. અને એ ભેખડની અંદર જ જડી દીધેલી એક પથ્થરની મૂર્તિ માનસપટ ઉપર છતી થઈ ઊઠી.

- અરે...આ ભ્રમ નથી મનવા!

- આ તો એજ...એજ..એજ... !!

પૂજાને તેણે કાલે જ ચિદાકાશમાં અને મનમાં અલપઝલપ સાકાર થતા એવા કોઈ ગેબી ઈશારાને બહુ સંયમિત સ્વરે રજુ કરતા કહ્યું પણ હતું કે ''દીકરી, તારી ઈચ્છા મને મસૂરી બતાવવાની , કે ચાર ધામની જાત્રા કરાવવાની છે. પણ એ મારા સુખનું સરનામુ નથી...! એ મારી શાંતિનું સ્થળ પણ નથી. એ બધું તમારે માટે અને તારે માટે છે. મારું ગોકુળ કે મારૂ વૃંદાવન બસ આજ હરિનું ધામ હરિદ્વાર- હરિનું દ્વાર છે. અહીંયા કંઈક છે. કશુંક છે.જે મને ખેંચી રાખે છે. પૂર્વજન્મ ની કોઈ લેણદેણ હોય કે ગમે તે હોય પણ મારું સુખ મને અહીંયા જ મળશે!!હા, મારે ઘણાં સમયથી આવવું હતું. પણ હું આવી શકતો નહોતો. પણ એનું નિમિત તું છો. તું મને અહીં લઈ આવી, તો હું આવી શકયો છું નહીતર કદાચ ન આવી શકત, એ પણ એટલું જ પાકકુ છે! તો પછી આ હરિદ્વારમાં મને રહેવા દે..!

મને ક્ષણે ક્ષણ અહીંથી નવું નવું ભાવવિશ્વ મળે છે. હું 'હરકી પૌડી'ના પગથીયે કે પછી ગંગાજીના મંદિરની બહાર બેઠો હોઉં છું, ત્યારે મારો આત્મા એકદમ પ્રસન્ન થઈ જાય છે. તને ખ્યાલ છે? કે હું ગંગાજીમાં જેટલીવાર ડુબકી મારીને બહાર નીકળું છું. એટલા મારા જનમ, મારા લખચોર્યાસીના અવતારો ઓછાં થતાં જાય છે? એટલે. તને કહું તો દીકરા, એટલું જ કહું છું કે, મને જે નૈનિતાલ, સિમલા કે મસૂરી કે અન્ય જે કંઈ સ્થળે લઈ જવાની તારી પ્રયુક્તિ મારા માટેની મારી ખુશી માટેની છે એના કરતા વધુ ખુશી હું અહીં એકાંતમાં પ્રાપ્ત કરી શકુ છું અને બેટા, ખબર નહીં કે જયારથી હરિદ્વાર આવ્યો છું ત્યારના મારા ચેતસમાં, મારા મનમાં, મારા હૃદયમાં નકરો અલૌકિક આનંદ જ પ્રાપ્ત થયા કરે છે. જેમ કોઈ બાળકને દોર સહિતની ઉડતી ઉડતી કોઈ પતંગ હાથ લાગી જાય. એમ જ.! મને પણ મારી કપાઈ ગયેલી મારી પતંગ મળી જાય તો..?-

'ઓહ પપ્પા..ટુ નાઈસ યોર વર્ડઝ... વીશ યુ ગોટ યોર ઓલ્ડ સમવન મુમેન્ટ....માય ડીયરેસ્ટ પાપા....આઈ વીશ કે, તમારી કોઈ વિશ અહીં જ પૂરી થાય.' એટલું બોલીને., 'વેલ, બાય ધ વે...' કહી. ખડખડાટ હસી પડી હતી: ''તમારી કવિતા જેવી ગૂઢવાણી સમજવાની મારી તો કોઈ તાકાત છે જ નહીં. પણ હું તમને અહીંથી ઓળખી શકુ છું.. 'એમ કહીને તેણે તેની જમણા હાથની પહેલી આંગળી, આનંદની છાતી ની ડાબી બાજુએ હૃદય ઉપર મૂકી હતી. અને એના ચહેરા ઉપર પણ હાર્ટશેપના ગુલાબી ચાસ ચિતરાઈ ગયા હતા.

★

આનંદ સ્થિર થઈ ગયો. દસ બાર પગથિયાનું અંતર કાંઈ ઝાઝુ અંતર તો ન કહેવાય, પણ આતો પચ્ચીસ પચ્ચીસ વરસ પહેલાંનું અંતર !

પહેલા અને આ પગથિયાંના અંતર પહેલા જ કપાઈ ગયું હતું કે? પણ અંતરમાં અંતર હોય, અંતરમાં અંતર ન હોય..!!

એ એક ડગલુ નીચે ઉતર્યો અને હળવેથી સાદ પાડયો : 'રૂપ.'

પણ સામેથી કોઈ પ્રતિસાદ ના મળ્યો.એણે ફરીવાર સાદ પાડ્યો,:'એ રૂપ.....'

હવે પેલી સ્ત્રી ચમકી: અરે? આવો ભણકારો.?? તે ઊભી રહી ગઈ અને આસપાસ જોવા લાગી. તેની સાથેની સ્ત્રીઓ પણ ઊભી રહી ગઈ. અને તેને પૂછવા લાગી, કેમ શું થયું? તું ઊભી કેમ રહી ગઈ. પેલી સ્ત્રી કશું બોલી નહીં અને પછી આગળ ડગલું ભર્યું. આનંદે તે જોયું.અને હવે નક્કી થઈ જ ગયું કે એ રૂપા જ છે,પોતાની રૂપા! એ સ્તબ્ધ થઈને ઊભો રહી ગયો. પેલી સ્ત્રી આસપાસ જોઈને માથું ધુણાવતી આગળ ચાલી.

એણે ત્રીજી વાર સાવ હળવેથી સાવ હળવે થી સાદ દીધો, 'એ, રૂપા...'

પણ સ્ત્રીને મન તો નકરો ભણકારો.! આ તરફથી આનંદે ફરીવાર સાદ પાડ્યો.હવે ઘણું છેટું પડી ગયું હતું.તોય સ્ત્રીને કાનમાં ભણકારો તો લાગ્યો.જ.. કે કોઈ બોલાવે છે.પણ કોણ છે? આ અવાજ??? એ ખળભળી ઉઠી.

- રૂપ... રૂપ...રૂપા...ફરી વખત ભણકારો લાગ્યો. પણ ના, ભણકારો તો નહોતો. પણ કોઈ જીવતો જાગતો સાદ હતો! એ કદાચ એક ક્ષણ રઘવાઈ થઈ ઉઠી અને આસપાસ જોવા લાગી.

સ્ત્રીને ખાતરી થઈ ગઈ કે ઘણાં ભણકારાય ખાલી ભણકારા નથી હોતા! પણ આપણને એ દિશામાં જોવાનું ભાન નથી હોતું!! પછી એ ભણકારો અલૌકિક પણ હોઈ શકે.! પણ આ તો ભવોભવ સાંભળવા ચાહેલો ભણકારો હતો..! પણ એ ભણકારોતો સૂના દલમાંથી ઘણી વાર ઉઠતો. અને આજે..?? આમ કાં થાય..? ના...ના...આ ગંગામૈયાના નાદમાં હુંય મૂઈ ભાન ભૂલી ગઈ! નપાવટ મન! કેટલું ઘેલહાઘરૂ છે? ને કાંઈ??

-પણના, હવાની ઓઢણી ઉપર બેસીને ફરી એકવાર સાદ વહી આવ્યો, જરા જોરથી: 'રૂપાઆ....'

એણે પાછળ જોયું.

એક પુરૂષમૂર્તિ ઊભી હતી.

ભીના વસ્ત્ર! ગોળાકાર પ્રતિભાશાળી ચહેરો. વાંકડિયા વાળનો જથ્થો, આછી આછી દાઢી. ખભે ''શ્રીકૃષ્ણ શરણમ્ મમ:'' લખેલી કાળી શાલ, અમી ભરેલી આંખો પણ એની ઉપર કાળી ફ્રેમના ચશ્માં..!

ઓહ... એ થંભી ગઈ: એ? (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

### રાજ્યમંત્રી કૌશિક વેકરીયાની રજૂઆતથી

# રાજ્ય સરકારે સનેડા સાધનની ખરીદીમાં મળતી નાણાકીય સહાયમાં વધારો કર્યો

અમરેલી,તા.૧૬

રાજ્ય સરકાર દ્વારા ખેતી કાર્યોને ઝડપી બનાવવા માટે ઉપયોગી એવા 'સનેડો' સાધનની ખરીદી પર મળતી નાણાકીય સહાયમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. મંત્રી કૌશિક વેકરિયાની રજૂઆતને ધ્યાને લઈને કૃષિ મંત્રી જીતુભાઇ વાઘાણીએ આ સહાય અંદાજે ત્રણ ગણી વધારી દીધી છે. અગાઉ વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના હેઠળ કુલ ખર્ચના ૨૫% અથવા રૂ.૨૫,૦૦૦ માંથી જે ઓછું હોય તે સહાય મળતી હતી. હવે વર્ષ ૨૦૨૬-૨૭ના નવા બજેટ મુજબ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાન્ય વર્ગના નાના, સીમાંત



કે મહિલા ખેડૂતોને કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૭૫,૦૦૦ માંથી જે ઓછું હોય તે સહાય મળશે. આ સિવાયના અન્ય સામાન્ય ખેડૂતોને કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૬૦,૦૦૦ માંથી જે ઓછું હોય તે મુજબ સહાય ચૂકવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે આ યોજનામાં રૂ.૩૫,૦૦૦ થી રૂ.૫૦,૦૦૦ સુધીનો મોટો વધારો કરીને ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે

# અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરી

અમદાવાદ,તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં એસ.જી. હાઈવેના આધુનિકરણ અને કાયદો-વ્યવસ્થાની સમીક્ષા માટે એક મહત્વની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં એસ.જી. હાઈવે પર દિનપ્રતિદિન વધતી ટ્રાફિકની સમસ્યા અને શહેરમાં ક્રાઈમ રેટને કાબૂમાં લેવા અંગે ગહન ચર્ચા-વિચારણા હાથ ધરવામાં



આવી હતી. ગૃહમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં અધિકારીઓને ટ્રાફિકનું સુચારુ સંચાલન કરવા અને પ્રજાને હાલાકી ન પડે તે રીતે આયોજન કરવા માટે કડક આદેશ આપ્યા છે.તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓને કડક સૂચના આપતાં જણાવ્યું કે, નિર્માણાધીન બ્રિજની આસપાસના ડાઈવર્ઝન પર વાહનચાલકોની સુરક્ષા માટે વિશેષ તકેદારી રાખવામાં આવે બેઠકમાં હાજર અમદાવાદ શહેર પોલીસ કમિશનરે ગુનાખોરી ડામવા માટે લેવાયેલા પગલાંનું વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

અમિત શાહે આ પ્રેઝન્ટેશનની બારીકાઈથી સમીક્ષા કર્યા બાદ શહેરમાં ક્રાઈમ રેટ પર સંપૂર્ણ કાબૂ મેળવવા અને ગુનેગારોમાં પોલીસનો ખોફ કાયમ રાખવા માટે કમિશનરને ખાસ ટકોર કરી હતી.

# ગૃહમંત્રી અમિત શાહ સામે ભડકાઉ ભાષણ કરનાર અભિષેક બેનર્જી સામે ફરીયાદ

**સામાજિક કાર્યકરે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી**

કોલકાતા,તા.૧૬

૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુધ્ધ ભડકાઉ ટિપ્પણીઓ કરવા બદલ ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી સામે કોલકાતાના બિધાનનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ થઈ છે. સામાજિક કાર્યકર્તા રાજીબ સરકારની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. આરોપ છે કે ૨૭ એપ્રિલથી ૩ મે વચ્ચે આપેલા ભાષણોમાં જાહેર શાંતિ ભંગ કરવા અને ધમકી આપવાનો પ્રયાસ થયો હતો, જેના કારણે ભારતીય ન્યાય સંહિતા અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

# કૌશિક વેકરીયાના હસ્તે અમરેલીના વાંકિયા, પ્રતાપપરા, મોટા ગોખરવાળા ગામે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૬

ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં અમરેલીના વાંકિયા, પ્રતાપપરા અને મોટા ગોખરવાળા મુકામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જિલ્લામાં રોડ-રસ્તા સહિતની આંતરમાળખાકીય સવલતો અવિરતપણે વિકસિત થઈ રહી છે. મંત્રીએ પ્રતાપપરામાં રૂપિયા



૧.૨૭ કરોડના ખર્ચે પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું, જે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને શિક્ષણના આધુનિકીકરણમાં મહત્ત્વનું યોગદાન આપશે. આ સાથે જ વાંકિયા મુકામે અંદાજે રૂપિયા ૩૦ લાખ અને મોટા ગોખરવાળા મુકામે અંદાજિત રૂપિયા ૧૨ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દીવાલના રીનોવેશન કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દીવાલના નિર્માણથી સ્થાનિકોની વર્ષો જૂની જળભરાવ અને પૂરની સમસ્યા દૂર થશે તેમજ ચોમાસા દરમિયાન પરિવહન સેવા પણ સરળ બનશે.

# લુહાર સમાજના અગ્રણી મનિષ સિધ્ધપુરાનો પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને પત્ર

અમરેલી,તા.૧૬

અમરેલી લુહાર સમાજના અગ્રણી અને ભાજપના આગેવાન મનિષ સિધ્ધપુરાએ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ ડૉ. જગદીશભાઈ વિશ્વકર્માને પત્ર લખીને મહત્વના સૂચનો મોકલ્યા છે. પત્રમાં લુહાર સમાજની એકતા અને સંગઠનની મજબૂતાઈ સહિત સમગ્ર વિશ્વકર્મા સમાજને વધુ સંગઠિત કરવા અંગે ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, તેમણે ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં તાતી



જરૂરિયાતવાળા આવશ્યક સુધારાઓ કરવા અંગેના જરૂરી સુઝાવો પણ રજૂ કર્યા છે. આગામી દિવસોમાં પક્ષના સંગઠનાત્મક માળખાને સુદ્રઢ કરવા અને આ વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવા માટે પ્રદેશ પ્રમુખને રૂબરૂ મળવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે.

# ધોરાજી-જામકંડોરણા માર્ગ પર અકસ્માતમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત

ધોરાજી,તા.૧૬

ધોરાજી અને જામકંડોરણા વચ્ચે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જૂનાગઢથી પરત પોતાના ગામે જઈ રહેલો એક ટેમ્પો ધોરાજીની હદ નજીક પહોંચ્યો ત્યારે અચાનક તેમાં કોઈ અકસ્માત સર્જનારી ટેક્નિકલ ખામી સર્જાઈ હતી.

આ ખામીના કારણે ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી



દીધો હતો અને ટેમ્પો રોડ પર જ ધડાકાભેર પલટી મારી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં ટેમ્પોમાં સવાર ત્રણ વ્યક્તિઓને શરીરે નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપીને ધોરાજીની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જો કે, ઈજાગ્રસ્તો પૈકી એક વ્યક્તિની તબિયત અત્યંત નાજુક અને ગંભીર જણાતા, તેને વધુ સઘન અને તાત્કાલિક સારવાર અર્થે જૂનાગઢની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

# માલદીવ્સમાં સમુદ્રમાં ગુફા શોધવા ગયેલા પાંચ ઈટાલી ડાઈવર્સના મોત

નવીદિલ્હી,તા.૧૬

માલદીવ્સના વાવુ એટોલમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ઈટાલીના પાંચ ડાઈવર્સના મોત થયા છે. સ્થાનિક અધિકારીઓએ આ ઘટનાને દેશના ઈતિહાસનો સૌથી મોટો ડાઈવિંગ અકસ્માત ગણાવ્યો છે. આ તમામ ડાઈવર્સ 'ડ્યુક ઓફ યોર્ક' નામની બોટ દ્વારા સમુદ્રમાં ગયા હતા




અને ત્યાં આશરે ૫૦ મીટરની ઊંડાઈએ આવેલી રહસ્યમય ગુફાઓની શોધખોળ કરી રહ્યા હતા, પરંતુ કમનસીબે તેઓ ક્યારેય પાછા ફરી શક્યા નહીં. હાલની પરિસ્થિતિ મુજબ, બચાવ ટુકડીને અત્યાર સુધી માત્ર એક જ ડાઈવરનો મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મળી છે. દરિયાની મુશ્કેલ પરિસ્થિતિઓ અને સતત ખરાબ થઈ રહેલા હવામાનને કારણે બચાવ કાર્યમાં ભારે અવરોધો આવી રહ્યા છે. સ્થાનિક પ્રશાસનને આશંકા છે કે બાકીના ચાર ડાઈવર્સના મૃતદેહ હજી પણ ગુફાની અંદર જ ફસાયેલા છે, જેથી શનિવારે ફરીથી સર્ચ ઓપરેશન શરૂ કરાશે. માલદીવ્સ સરકારે મૃતકોની ઓળખ મોનિકા મોન્ટેફાલ્કોન, જ્યોર્જિયા સોમાકાલ, ફેડેરિકો ગુઆલ્ટિએરી, મ્યુરિયલ ઓડેનિન અને જિયાનલુકા બેનેડેટ્ટી તરીકે જાહેર કરીને શોક વ્યક્ત કર્યો છે.

### ઘેટાં-બકરામાં રહસ્યમય રોગચાળો

# વડિયામાં ૮૦થી વધુ પશુઓના મોતથી માલધારીઓ ચિંતિત

વડિયા,તા.૧૬

અમરેલી જિલ્લાના વડિયા શહેરમાં ઘેટાં-બકરામાં ફેલાયેલા રહસ્યમય રોગચાળાએ માલધારીઓમાં ભારે ચિંતા ફેલાવી છે. અજાણ્યા રોગના કારણે પશુઓ અચાનક બીમાર પડી રહ્યા છે અને ટપોટપ મોતને ભેટી રહ્યા છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૦ જેટલા ઘેટાં-બકરાના મોત નોંધાતા માલધારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.પરિસ્થિતિની ગંભીરતા જોતા ગામના સરપંચે તાત્કાલિક પશુ આરોગ્ય વિભાગને જાણ કરી હતી. માહિતી મળતા જ તાલુકાની પશુ ચિકિત્સક ટીમો વડિયા પહોંચી અને રોગચાળો નિયંત્રણમાં લેવા સઘન કામગીરી શરૂ કરી છે. રોગનું ચોક્કસ કારણ જાણવા



માટે વડિયા અને આસપાસના વિસ્તારોમાં આશરે ૧૨૦૦ પશુઓના બ્લડ અને અન્ય સેમ્પલ લેવામાં આવી રહ્યા છે.પશુ આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ રોગનું નિદાન શક્ય બનશે અને ત્યારબાદ યોગ્ય સારવાર તથા રસીકરણની કાર્યવાહી હાથ ધરાશે. હાલ માલધારીઓ પોતાના પશુઓના મોતથી વ્યથિત બની સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે.

# ઉનાના ચોક વિસ્તારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

ઉના,તા.૧૬

ગીર સોમનાથ પોલીસે ઉનાના પારેખ ચોક વિસ્તારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૧,૨૪,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને દેલવાડાના એક શખ્સની ધરપકડ કરી છે, આ ઝુંબેશના ભાગરૂપે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને પારેખ ચોક



વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પી. આઈ. મોરી અને પોલીસ સ્ટાફના શાંતિલાલ સોલંકી, અનિલ જાદવ સહિતની ટીમે શંકાસ્પદ ટુ-વ્હીલરને રોકાવી તલાશી લીધી હતી.તલાશી દરમિયાન દેલવાડાના દિવ્યેશભાઈ દિનેશભાઈ જેઠવાને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે તેના અન્ય સાગરીત જતીન રમેશભાઈ દમણિયાનું નામ આપ્યું હતું, જે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૮/૨૬ તા.૦૭/૦૫/૨૦૨૬

વિવાદી :- **શ્રી જોગાણી નાથાભાઈ દેવસીભાઈ**
**રહે.કેરાળા, તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૧૩૬ ૮૮૦૯૫**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી હિરલ એન. ડેર એડવોકેટ**
**મુ. લાઠી, મો.૭૪૩૬૦ ૦૧૬૧૨**

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.કેરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. કેરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રનો જોગાણી મહેશભાઈ નાથાભાઈનો જન્મ તા.૨૫/૦૨/૧૯૯૦ ના રોજ કેરાળા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**


# શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું આયોજન

**જીવનમાં હેલ્થ, વેલ્થ અને હેપીનેસનું મહત્વ**

સુરત,તા.૧૬

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ-સુરત દ્વારા ૧૪ મે ૨૦૨૬ના રોજ ૧૫૯માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના




પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ માનવ જીવનના મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો - તંદુરસ્તી, સંપત્તિ અને ખુશી પર ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે માત્ર કમાણી કરવી એ સંપત્તિ નથી, પરંતુ બચત કરી તેનું યોગ્ય રોકાણ કરવું એ જ સાચું સંપત્તિ સર્જન છે. કાર્યક્રમ દરમિયાન લેખક જગત વિરડીયા લિખિત પુસ્તક 'તમારા પોતાના દુશ્મન બનવાનું બંધ કરો'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે જ રામાણી પરિવાર દ્વારા સ્વ. અરજણભાઈ રામાણીની સ્મૃતિમાં એક ઓરડાનું દાન જાહેર કરાયું હતું. અંતમાં, સમાજના અગ્રણી સ્વ. ડો. કનુભાઈ માવાણીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ઉનાના નજીક બે બાઈક સામસામે અથડાતા બંને યુવકો ઈજાગ્રસ્ત

ઉના,તા.૧૬

ઉના તાલુકાના તડ અને ભાડસી ગામ નજીક મોડી રાત્રે બે બાઈક સામસામે અથડાયા હતા. આ અકસ્માતમાં જૂનાગઢના બે યુવાનો,




નિકુંજભાઈ હરદાસભાઈ વઘાસીયા (ઉંમર ૩૨) અને આશિષભાઈ વિનુભાઈ વડાલીયા (ઉંમર ૩૮), ગંભીર રીતે ઘાયલ થયા હતા.બંને યુવાનો રોડ પર ફંગોળાઈ જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સ્થળે રાત્રિના સમયે લોકો એકઠા થઈ ગયા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા, બંને ઘાયલ યુવાનોને ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# રાજયના ઘણા શહેરોમાં તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી ઘટવાની સંભાવના પરંતુ બફારો વધશે

અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી આકરી ગરમીમાંથી આજે લોકોને થોડી રાહત મળવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે. જો કે, દરિયાઈ પવનો અને વાતાવરણમાં વધતા ભેજને કારણે ઉકળાટ અને બફારામાં નોંધપાત્ર વધારો થશે, જેથી લોકોને ગરમીની અસલી તીવ્રતા વધુ અનુભવાશે. રાજ્યમાં આજે પણ ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે અને અનેક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી, જ્યારે રાજકોટમાં



૪૧.ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે. અમરેલી, કંડલા, વડોદરા અને ભાવનગરમાં પણ ઊંચું તાપમાન નોંધાયું છે, જ્યારે સુરતમાં પારાની સ્થિતિ તુલનાત્મક રીતે ઓછી એટલે કે ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ રહી છે. હવામાન નિષ્ણાતોના મતે, દરિયાઈ પવનોના કારણે તાપમાન ઘટશે પરંતુ આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં હીટવેવ તો ક્યાંક વરસાદી વાતાવરણ પણ જોવા મળી શકે છે.

# મુન્દ્રા બંદર પરથી ૧૫૫ કરોડનો શંકાસ્પદ ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

મુન્દ્રા,તા.૧૮

મુન્દ્રા બંદર પરથી ફરી એકવાર મોટા પ્રમાણમાં નશીલા પદાર્થો ઝડપાવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગત રાત્રે મુન્દ્રા બંદર સ્થિત ડીપી વર્લ્ડ જેટી પર એક શંકાસ્પદ કન્ટેનર આવી પહોંચ્યું હતું. આ કન્ટેનરમાં ઉપરથી ઊનનો જથ્થો ભરેલો દેખાતો હતો, પરંતુ તેની આડમાં આશરે ૨૦૦ કિલો જેટલો શંકાસ્પદ કેફી દ્રવ્યોનો જથ્થો છુપાવીને લાવવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત



કિંમત આશરે ૧૫૫ કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગુપ્ત માહિતીના આધારે કેન્દ્રીય એજન્સીઓ અને સ્થાનિક કસ્ટમ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ કન્ટેનરને તપાસ માટે 'ટ્રાન્સવર્લ્ડ સીએફએસ' ખાતે ખસેડ્યું હતું, જ્યાં ઝીણવટભરી તપાસ દરમિયાન આ ડ્રગ્સ મળી આવ્યું હતું. જોકે, કસ્ટમ વિભાગ દ્વારા હજી સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. પકડાયેલા જથ્થાને અત્યારે લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યો છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ જ ડ્રગ્સના ચોક્કસ પ્રકાર, તેની ગુણવત્તા અને બજારમાં તેની સાચી કિંમત અંગે સત્તાવાર ચિત્ર સ્પષ્ટ થશે.

# ડીસા શહેરની ત્રણ ડેરીઓમાંથી ૧૪૪૪ કિલો નકલી ઘી ઝડપાયુ

પાલનપુર,તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે નકલી અને ભેળસેળયુક્ત ઘીના કાળા કારોબાર સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. બાતમીના આધારે વિભાગની ટીમે ત્રણ અલગ-અલગ ડેરી પેઢીઓ પર એકસાથે દરોડા પાડીને ૧૪૪૪ કિલોથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કર્યો હતો, જેની અંદાજિત કિંમત ૮ લાખ ૨૮ હજાર ૪૯૦ રૂપિયા છે. કાર્યવાહી દરમિયાન તાસવી માર્કેટિંગ, શ્રી બહુચર ડેરી અને જયવીર માર્કેટિંગમાંથી 'પરિવાર', 'કવિરાજ' અને 'શ્રેષ્ઠ' કાઉ ઘી બ્રાન્ડના ડબ્બા કબજે કરાયા હતા. આ તમામ જથ્થાના સેમ્પલ લઈને તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાસવી એન્ટરપ્રાઈઝ સામે અગાઉ પણ વર્ષ ૨૦૧૯, ૨૦૨૪ અને ૨૦૨૫માં આવી કાર્યવાહી થઈ ચૂકી છે અને અગાઉ તેનું લાયસન્સ પણ રદ કરવામાં આવ્યું હતું.

# પેટ્રોલ-ડીઝલના વધેલા ભાવને લઈ સરકાર પર ગોપાલ ઈટાલીયાના પ્રહારો

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ બચાવવા માટે લેવામાં આવી રહેલા પગલાંઓ પર આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે મુખ્યમંત્રીના કાફલામાં ગાડીઓ ઘટાડવી એ માત્ર એક સ્ટંટબાજી છે અને તેનાથી સામાન્ય જનતાને કોઈ મોટો ફાયદો થવાનો નથી. તેના બદલે જો સરકારી કચેરીઓમાં લોકોના ધક્કા બંધ કરીને વોટ્સએપ અથવા મિસકોલ જેવી ડિજિટલ સુવિધાઓ શરૂ કરવામાં આવે, તો લાખો લોકોનો પ્રવાસ ઘટશે અને અબજો રૂપિયાનું ઈંધણ બચી શકશે. આ ઉપરાંત તેમણે



રાજ્યના હાઈવે અને માર્ગોના અધૂરા કામો મુદ્દે પણ સરકારને આડે હાથ લીધી હતી. સમયસર કામ પૂર્ણ ન થવાને કારણે વાહનચાલકોને લાંબા ટ્રાફિક અને ડાયવર્ઝનનો સામનો કરવો પડે છે, જેનાથી મોટા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલનો બગાડ થાય છે. ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે સરકાર વાસ્તવિક સુધારા કરવાને બદલે માત્ર દેખાવ પૂરતા નિર્ણયો લઈ રહી છે.

# અદાણી સીએનજીના ભાવમાં રૂ.૨.૨૫નો તોતિંગ વધારો

અમદાવાદ,તા.૧૬

મિડલ ઈસ્ટમાં સર્જાયેલા સંકટને કારણે વિશ્વભરમાં ઈંધણની અછત વચ્ચે અદાણી સીએનજીના ભાવમાં આજથી રૂપિયા ૨.૨૫નો મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. આ વધારા સાથે જ જૂનો ભાવ રૂપિયા ૮૩.૭૭થી વધીને હવે રૂપિયા ૮૬.૦૨ પર પહોંચી ગયો છે. અગાઉ એપ્રિલ મહિનામાં થયેલા વધારા બાદ રિક્ષાચાલકોમાં ભારે વિરોધ જોવા મળ્યો હતો, અને હવે આ નવા તોતિંગ વધારાને કારણે રિક્ષાચાલકોએ પ્રતિ કિલોમીટર દીઠ ૨૦થી ૩૦ રૂપિયા સુધીનો ભાડા વધારો કરવાની માંગ કરી છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે સીએનજી મોંઘું થતાં ગુજરાતના સામાન્ય નાગરિકો પર આર્થિક બોજો અસહ્ય બનશે. રિક્ષા મુસાફરી મોંઘી થવાની સાથે સીએનજી ટ્રાન્સપોર્ટેશન સાથે સંકળાયેલી તમામ ચીજવસ્તુઓના ભાવ પણ આગામી દિવસોમાં વધી શકે છે.

# સુરતના મોટા વરાછામાં દેહ વ્યાપારના રેકેટનો પર્દાફાશ

સુરત,તા.૧૬

સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી સીટી પેલેસ હોટેલમાં ચાલતા દેહ વેપારના કાળા કારોબારનો ઉત્રાણ પોલીસે પર્દાફાશ કર્યો છે. ખાસ માહિતીના આધારે પોલીસે પાડેલા દરોડા દરમિયાન બે થાઈલેન્ડની યુવતીઓને મુક્ત કરાવવામાં આવી છે. આ ગેરકાયદેસર નેટવર્ક ચલાવનાર મુખ્ય સંચાલક જાનીલ ઉર્ફે જેડી કેવડીયા, હોટેલ સંચાલકો દીક્ષિત ગોહિલ અને કૌશિક મકવાણા સહિત પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં વિઝા કન્સલ્ટન્ટ અને ટેક્સટાઈલ વેપારીઓનો પણ સમાવેશ થાય છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧.૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આ આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે આગળની ઊંડી તપાસ શરૂ કરી છે.


જોઈએ છે..... જોઈએ છે..... જોઈએ છે.....

YUG NIRMAN GAYATRI PARIVAR TRUST CHALALA

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત

Gayatri Sanskar Vidhyalay Chalala

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય

ગુજરાતી માધ્યમ

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત |
| --- | --- | --- |
| ૧ | ટીચર (બહેનોધો. ૧ થી ૮) | B.A./B.Ed./P.T.C. (ગણિત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સ્પોર્ટ્સ, સંગીત, ચિત્ર) |
| ૨ | રસોયા ટીમ | 300 થી ૪00 બાળકોની રસોય બનાવી શકે તેવા |
| 3 | કમ્પ્યુટર ઓપરેટર (બહેન) | કમ્પ્યુટરના જાણકાર, ઓફીસ સંભાળી શકે તેવા |

- ઉચ્ચ પગાર સાથે રહેવા – જમવાની વ્યવસ્થા સંકુલ તરફથી આપવામાં આવશે. અપ-ડાઉન પણ આવકાર્ય છે.
- યુનિફોર્મ પણ સંસ્થા તરફથી આપવામાં આવશે.
- રૂ.૧0,00,000 (દસ લાખ) નો અકસ્માત વીમો સંસ્થા તરફથી આપવામાં આવશે.
- જાહેરાત પ્રસિદ્ધ થયાની તા:-૧૭/૦૫/૨૦૨૬ થી દિવસ ૫માં આપેલ વોટ્સએપ
- નંબર ૯૩૧૩૭૦૭૩૯૦ પર રિઝ્યુમ મોકલી આપવા વિનંતી.

પ.પૂ.સંતશ્રી ડો.રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી) ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા
ધારી રોડ, મીઠાપુર(ડું),ચલાલા, તા.ધારી, જી.અમરેલી- ૩૬૫૬૩૦
મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭, ૯૪૨૯૮ ૩૮૦૧૭


## અમરેલીમાં ઉર્જામંત્રી, સાંસદ સહિત ભાજપ આગેવાનોએ 'ઝાલમુરી'નો સ્વાદ માણ્યો



અમરેલી શહેરમાં રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મેહુલ ધોરાજીયા, શહેર પ્રમુખ વિજય ચોટલીયા, રાકેશ સાવલીયા, મૌલિક ઉપાધ્યાય, સંજય રામાણી, અલ્કાબેન ગોંડલીયા, ચિરાગ ચાવડા, જિલ્લા પંચાયત સદસ્ય ડેની પરમાર, યોગેશ ગણાત્રા, રાજન રામાણી, સંજય ભેંસાણીયા, દિવ્યેશ વેકરીયા, હિરેન યાદવ,દિલીપ સાવલીયા, હરી કાબરીયા, ભરત કાનાણી અને ચિરાગ દેસાઈએ બંગાળની પ્રખ્યાત 'ઝાલમુરી'નો સ્વાદ માણી શહેરના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

# છોટાઉદેપુરના કાઇછેલ ગામના બે મિત્રોના અકસ્માતમાં મોત

**ટ્રકચાલકે બંને બાઈકસવારોને હડફેટે લેતા સર્જાઈ કરૂણાંતિકા**

છોટા ઉદેપુર,તા.૧૬

છોટાઉદેપુર જિલ્લાના વનાર જામલા રોડ પર આજે એક હૃદયદ્રાવક અને ગંભીર અકસ્માત સર્જાયો છે. ખાણ-ખનિજ ઉદ્યોગ સાથે જોડાયેલી અને ડોલોમાઈટ પથ્થરથી ખીચોખીચ ભરેલી એક ટ્રકના



ચાલકે બેફામ ગતિએ વાહન હંકારીને બાઈક સવારોને કચડી નાખ્યા હતા. આ ગોઝારા અકસ્માતમાં બે સગાભાઈ જેવા યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે બાઈક પર સવાર એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.અકસ્માતમાં ભોગ બનનાર બંને મૃતક યુવાનો છોટાઉદેપુરના કાછેલ ગામના રહેવાસી હતા,


સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જવેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જવેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જવેલરી
વી.કે. જવેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોન: ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા)
મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
STAR · TATA AIG INSURANCE WITH YOU ALWAYS · Medi Assist · SBI general · care · RELIANCE Health Insurance · BAJAJ Allianz
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫



25 વર્ષથી આપનો વિશ્વાસુ જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઇડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !
BIS-916 HUID હોલમાર્ક જ્વેલરી શો-રૂમ
લો બોલો હવે
Scan QR Code
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in



નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.